॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥




પાક્ષિક

# પ્રજ્ઞા અભિયાન

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

સંસ્થાપક-સંરક્ષકઃ

વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય અને માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૯ વર્ષ-૨૦ વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ વિદેશમાં-૪૦૦.૦૦ ૦૭ મે-૨૦૧૧


# સામાજિક સમસ્યાઓનું સમાધાન શોધતા પ્રતિભાશાળીઓ

## આત્મ સમીક્ષા કરો, નવનિર્માણની દિશામાં આગળ વધો

**યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્ય (વાંગ્મય ખંડ ૬૬, પાના નં. ૪.૧૫-૪.૧૭માંથી કરવામાં આવેલ સંકલન)**

### સમયની માંગ સમજો

આપણે પાછલા હજાર વર્ષોથી જે અજ્ઞાનરૂપ અંધકાર યુગમાં રહેવું પડ્યું છે, તેના ફળ સ્વરૂપે આપણાં ચિંતનની દિશામાં વિકૃતિઓનું પ્રમાણ એટલું બધુ વધી ગયું કે પ્રગતિ માટે કરવામાં આવેલા તમામ પ્રયત્નો ઉલટા પડે છે. સુધાર અને પ્રગતિની યોજનાઓ ચારિત્રિક દુર્બળતા સાથે ટકરાઈને નિષ્ફળ બની જાય છે. આપણે તેના કારણના મૂળ સુધી પહોંચવું પડશે અને ભાવનાત્મક નવનિર્માણ માટે એક એવું પ્રચંડ અભિયાન ચલાવવું પડશે કે જે લોકોને ચારિત્ર્યનિષ્ઠ, આદર્શવાદ, માનવીય સદ્ભાવના, પ્રચંડ કર્મઠતા અને ઔચિત્યને અપનાવવાની સાહસિકતાથી ઓતપ્રોત બનાવી દે. આ અભિયાન આંદોલનને જેટલી સફળતા મળતી જશે, એ જ ક્રમથી પ્રગતિનો માર્ગ ખુલતો જશે. આપણે લોકોમાં પ્રબળ પ્રચારથી એ વાત બેસાડી દેવી જોઈએ કે માનવ જીવનનો સર્વશ્રેષ્ઠ સદુપયોગ લોકમાનસના પરિષ્કારમાં વધુમાં વધુ પ્રયત્ન, પુરુષાર્થ, ત્યાગ, બલિદાન કરવું જ હોયી શકે.

અનેક લોકો ઈશ્વરની ભક્તિ અને સાધના-ઉપાસનામાં જ જીવનની સાર્થકતા વિચારે છે. તેઓએ જાણવું જોઈએ કે વિશ્વમાનવમાં વ્યાપક રૂપે સમાયેલ આત્માનું નામ જ પરમાત્મા છે. જપ,તપ અને ધ્યાનનું પ્રયોજન અંતઃકરણને એટલું તો નિર્મળ બનાવવાનું હોય છે કે બીજાઓના દુઃખમાં પોતાનું દુઃખ અને બીજાઓના સુખમાં પોતાનું સુખ જોડાયેલ દૃષ્ટિગોચર થવા લાગે. એવું કરૂણા, પવિત્રતા, ઉદારતા અને મમતાથી સભર હૃદય જ ઈશ્વરના નિવાસનું પરમ પ્રિય સ્થાન હોયી શકે છે.

ની ભાવના અંતઃકરણમાં જમાવી સ્વાર્થનો પરમાર્થમાં ઉત્સર્ગ કરી દેવો, આ જ પૂર્ણતા આત્મસાક્ષાત્કાર અને ઈશ્વર પ્રાપ્તિની સ્થિતિ છે. ઈશ્વર ઉદાર ભાવનાઓનો ઉત્કૃષ્ટ પ્રવાહ માત્ર છે. જેના અંતઃકરણમાં પણ તે વહેવા લાગે, તો એ સમજવું જોઈએ કે તેને ઈશ્વર પ્રાપ્તિનું લક્ષ્ય પ્રાપ્ત થઈ ગયેલ છે. આ ઉપલબ્ધિ માટે સાધકે પોતાની પ્રવૃત્તિઓ લોકકલ્યાણમાં લગાવવી જોઈએ. તેના સંદર્ભમાં સૌથી શ્રેષ્ઠ કર્મની સાધના લોકમાનસને સ્વચ્છ બનાવવાના પ્રયત્ન દ્વારા જ સંભવી શકે છે.

લોકોએ એવું વિચારતા હોય છે કે ધનની વૃદ્ધિ થવાથી લોકોની મુશ્કેલીઓ દૂર થઈ જશે. એટલા માટે આર્થિક ઉન્નતિના સાધનો ઉભા કરવામાં જ તલ્લીન રહે છે. એવું કહેવામાં આવી રહ્યું નથી કે આ પ્રકારનો પ્રયત્ન બિનજરૂરી છે, પરંતુ એ સત્યને જાણી જ લેવું જોઈએ કે દુર્બુદ્ધિની સાથે વધેલી સંપદા સાપને દૂધ પિવડાવવાની જેમ વ્યસનો, વ્યભિચાર, દુર્વ્યય, વિલાસ, અહંકાર, ઘમંડ, ઝઘડાઓ વગેરે વધારવાનું જ નિમિત્ત બને છે. આવી સંપદા થંભી જતી પણ નથી, દારૂની જેમ બળી જોત-જોતામાં સ્વાહા થઈ જાય છે. સંપદા ત્યારે જ ઉપયોગી છે કે જ્યારે તેની સાથે સદ્બુદ્ધિ અને સદ્ભાવના પણ વધે. ધનનો સદુપયોગ તો આવી જ સ્થિતિમાં સંભવ છે.

સદ્ગુણી વ્યક્તિ પોતાના પુરુષાર્થ વડે સરળતાથી જરૂરી ઉપાર્જન કરી લે છે અને અગર જે સાધનો થોડા હોય, તો પણ કરકસરતા પૂર્વક કામ ચલાવી આનંદ તથા સંતોષની સાથે દિવસો પસાર કરી લે છે. એટલા માટે ધન-સંપત્તિ વધારવાની યોજના બનાવવામાં પણ પ્રથમ શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ વધારવાની વાત વિચારવી જોઈએ.

અનેક લોકો રાજ-કારણને સર્વોપરિ માને છે અને એવું વિચારે છે કે શાસન-સત્તા પોતાની હાથમાં આવી જાય અથવા જે લોકો શાસન કરી રહ્યા છે તેઓ પોતાની અનુકૂળ બની જાય તો વ્યક્તિ અને સમાજનો ઉત્કર્ષ થઈ શકે છે. એ લોકોએ જાણી લેવું જોઈએ કે જ્યાં સુધી ચરિત્રનિષ્ઠાનો પાયો મજબૂત નહીં હોય ત્યાં સુધી જે કોઈ પણ વ્યક્તિ સત્તા સંભાળશે તે આદર્શવિહીન છીછરી મનોભૂમિના કારણે કોઈ નક્કર કામ કરી શકશે નહીં. બહારથી સિદ્ધાંતની લાંબી,પહોળી વાતો કરતા રહેશે પરંતુ અંદરને અંદર એ પ્રકારના તાણાવાણા વણશે કે જેનાથી તેની સ્વાર્થ સાધના સંભવી શકે. રાજકારણમાં જૂથબંધી, ટોળાબંધી ખૂબ ચાલે છે. તેનો પ્રભાવ સરકારી મશીનરી પર પડ્યા વગર રહેતો નથી. અને ભ્રષ્ટાચાર આકાશ-પાતાળને સ્પર્શ કરવા લાગે છે.

પ્રશ્ન પક્ષ યા વાદનો નથી, ઉદ્દેશ્યનો છે. ઉદ્દેશ્ય જો ઉંચો હોય તો કોઈ પણ પક્ષ, કોઈ પણ વાદ, સમાજને ઉંચો ઉઠાવી શકે છે અને અગર જો દાનત સાફ નથી તો ઉંચામાં ઉંચા વાદના લોકો આજે પણ નીચમાં નીચ કર્મ કરતા જોઈ શકાય છે. વોટરથી લઈ અધિકારી અને નેતાઓથી લઈ કાયદાશાસ્ત્રીઓ સુધી જ્યાં સુધી આદર્શવાદ પર ઈમાન લાવવામાં નહીં આવે, ત્યાં સુધી કોઈને કોઈ બહાના હેઠળ સમસ્યાઓ જ ઉત્પન્ન કરતા રહેશે. એક સમસ્યા ઉકેલી શકાઈ નહીં ત્યાં બીજી ઉભી થઈ જશે. જેટલી પણ સમસ્યાઓ છે તેમાંથી ત્રણ ચતુર્થાંસ શાસકોની ખેંચાખેચીના કારણે જ ઉત્પન્ન થઈ છે. અગર જો શ્રદ્ધા ઉત્કૃષ્ટ ન બનાવી શકાય તો કોઈ પણ પક્ષ-કોઈપણ પાર્ટીનું, કોઈ પણ વાદનું શાસન થઈ જાય, સ્થિતિ ખરાબથી વધુ ખરાબ બનતી જશે.

આ સત્ય પર ઉંડાણ પૂર્વક વિચાર કર્યા પછી એ ભ્રમ સરળતાથી દૂર થઈ શકે છે કે આર્થિક ઉન્નતિ, રાજસત્તા, સંપ્રદાય, અભિવર્ધન વગેરેના માધ્યમ દ્વારા વર્તમાન વિષમતા તથા સમસ્યાઓ દૂર કરી શકાય તેમ છે.

આપણું ચિંતન જેટલું પણ ઉંડું હશે, એટલો જ સ્પષ્ટ નિષ્કર્ષ સામે આવશે કે વિચાર અને ભાવનાઓની શુદ્ધિકરણ જ એ અમોઘ ઉપાય છે, કે જેના દ્વારા સમસ્ત સમસ્યાઓનું કાયમી સમાધાન નિકળી શકે છે. આ ચિંતન દરેક વિવેકી વ્યક્તિને એ નિષ્કર્ષ સુધી પહોંચાડી શકે છે કે તેને પરમાર્થ પ્રયોજન માટે ભાવનાત્મક નવનિર્માણના આંદોલનમાં એકનિષ્ઠ ભાવથી લાગી જવું જોઈએ. આત્મ-કલ્યાણ અને વિશ્વકલ્યાણ માટે તેનાથી વધી બીજો કોઈ ઉપયોગી માર્ગ હોયી જ ન શકે.

જેઓ પેટ અને પ્રજનન સિવાય ત્રીજી વાત વિચારી કે સમજી જ શકતા નથી, તેમને કંઈ કહેવાનું નથી, પરંતુ તમામ લોકો એવા હોતા નથી. ઘણાં બધા લોકો એવા પણ છે કે જેમના મનમાં દેશ, ધર્મ, સમાજ, સંસ્કૃતિ, લોક-પરલોક, જીવન-લક્ષ્ય, ધર્મ-કર્તવ્ય, આત્મા-પરમાત્મા શ્રેણીના વિચારો ઉત્પન્ન થાય છે અને આદર્શવાદની ભાવના હિલોળા લેવા લાગે છે. એવા લોકોને અનુરોધ છે કે તેઓ નિર્વાહની સમસ્યાને સરાસરી ભારતીય જેવી સાદગી સાથે ઉકેલવામાં જ સંતુષ્ટ થઈ જાય. અમીરી, મોટાઈ, શેખી, અહંકાર અને વિલાસીતાની કલ્પનાના ઘોડા પરથી નીચે ઉતરે. શરીર-યાત્રાની વ્યવસ્થા ગોઠવવા સુધી જ મર્યાદિત રહે અને બચેલી ક્ષમતા,યોગ્યતા, પ્રતિભા અને સંપદાને લોકકલ્યાણમાં લગાવવાની વાત વિચારે. ✡

## આવી રહ્યો છે આર્થિક સામ્યવાદ

**આપણે એ સમજી લેવું જોઈએ કે અગામી દિવસો આર્થિક સમાનતા લઈને આવી રહેલ છે. સંસારમાં ધર્મ, સમાજ વગેરેનું સ્વરૂપ જે પણ રહે, પરંતુ આર્થિક સમાનતા નિશ્ચિત રૂપે આવીને રહેશે. આવનારા સમયમાં એક પણ વ્યક્તિ અમીર નહીં રહે, પૈસો વહેંચાઈ જશે. પૂંજી પર સમાજનું નિયંત્રણ રહેશે અને લોકો કેવળ પોતાના નિર્વાહ માત્ર માટે પૈસા, સાધનો પ્રાપ્ત કરી શકશે. હવે પણ આ જ આંખો વડે જોવા તૈયાર રહેવું જોઈએ કે કોઈ પણ વ્યક્તિ અમીર નહીં રહે, પુત્રો-પ્રપૌત્રો માટે દોલત છોડી મરવું કોઈના માટે સંભવ નહીં હોય. અન્ય દાર્શનિક વાતમાં ભલેને સામ્યવાદનો સ્વીકાર કરવામાં ન આવે, પરંતુ આર્થિક ક્ષેત્રમાં સમગ્ર દુનિયા સામ્યવાદી બીબામાં ઢળી જશે.**

## હવાની દિશા બદલવી પડશે

**આજે લોભ, મોહ, સ્વાર્થ, અહંકારની હવા વહી રહી છે. એ હવા માત્ર છે. કેટલાક અગ્રગામી લોકો આગળ આવે તો બીજી તરફની હવા પણ ચલાવી શકે છે. બુદ્ધના અનુયાયીઓએ ઉત્સર્ગની હવા વહેવડાવી તો લાખો યુવાનો, યુવતીઓ યૌવન અને વૈભવભર્યું સુખ છોડી પરમાર્થ પ્રયોજન માટે ભિક્ષુક-ભિક્ષુણીઓ જેવુંકષ્ટકારક જીવન જીવવા માટે તત્પર બની ગયા. ગાંધીની આંધી ચાલી ત્યારે જરૂરી કામ અને રંગીન સ્વપ્નને પણ પગ તળે કચડી લાખો મનસ્વીઓ જેલની યાતના વેઠવા અને ફાંસી પર ચઢવા અને ગોળી ખાવા ચાલી નિકળ્યા.**

**હવા સ્વાર્થની પણ હોયી શકે છે અને પરમાર્થની પણ. સ્વાર્થ માટે ઘાણીમાં જે ખરાબ રીતે પીસામણ-પીલામણ થાય છે, પરમાર્થની પ્રવૃત્તિ તેનાથી કંઈક સરળ, સસ્તી જ પડે છે. લોકો માત્ર સમજતા જ હોય છે કે સંકીર્ણ સ્વાર્થમાં લાગીને સુખી છીએ. પરંતુ વાસ્તવિક રીતે પરમાર્થ માટે એટલો શ્રમ કરવામાં આવે અને પીડા સહન કરવામાં આવે તો વ્યક્તિઓ ઘણી વધુ સંતોષી અને ગર્વ-ગૌરવ પ્રાપ્ત કરી શકે છે. વિચારવાનું માત્ર ચીલો જ છે કે જે મનુષ્યની પ્રવૃત્તિઓ જકડાયીને બેઠેલ હોય છે. અગર જો એ પ્રથા પર આદર્શવાદનો જરા જેટલો પુટ ચઢી જાય તો મનુષ્ય સંત વાલ્મીકિની જેમ જીવનની દિશાધારા બદલવાની પ્રક્રિયા મિનિટોમાં જ ચરિતાર્થ કરીને રાખી દે. આપણે એવું વાતાવરણ પેદા કરવું જોઈએ કે વિવેકવાન લોકો સંકીર્ણ સ્વાર્થ પરાયણતાની સાંકળ તોડી લોકકલ્યાણ માટે પરમાર્થ-પ્રયોજન અપનાવતા જોવા મળે.**

# જન્મ શતાબ્દી પાવન તીર્થયાત્રા યુગ સર્જનની નવી લહેર જાગૃત કરશે

## લોકસંપર્ક થશે, લોકસહકાર વધશે, સહગમનની નવી દિશા ખુલશે

**પખવાડિકના ૨૧ એપ્રિલના અંકમાં ઉપરોક્ત યાત્રા સાથે જોડાયેલ વિભિન્ન પક્ષની જાણકારી પરિજનો સુધી પહોંચાડી દેવામાં આવી છે. આ યાત્રાની હારમાળા તથા તેની સાથે જોડાયેલ વ્યવસ્થાની જાણકારી ટપાલ દ્વારા પણ સંબંધ ધરાવતા વિસ્તારના પરિજનો ઉપર મોકલી આપવામાં આવી છે. લોકસંપર્ક દરમ્યાન લોકો તથા અગ્રગણ્ય અતિથિઓને આપવામાં આવનારી માહિતી પત્રકની જાણકારી પરિજનો ઈચ્છી રહ્યા છે. તેના કેટલાક નમૂના અહીં આપવામાં આવી રહેલ છે. (૧) આ યાત્રાની જાણકારી અને તેને માટે આમંત્રણ પત્રિકા. તેની સાથે સ્થાનિક કાર્યક્રમોની તારીખો તથા કાર્યક્રમોની જાણકારી પણ જોડી શકાય. (૨) યુગ નિર્માણના સૂત્રોની પત્રિકાની પાછળ યુગનિર્માણના સત્સંકલ્પો પણ છાપી દેવા જોઈએ. તેના માધ્યમથી લોકો તથા અન્ય સંસ્થાઓ સુધી આ યાત્રાનો ઉદ્દેશ્ય તથા સ્વરૂપ પહોંચાડવા તથા તેમાં ભાગીદારી માટે ઉત્સાહ જગાડવાનો ક્રમ સારી રીતે ચલાવી શકાય.**

### જન્મશતાબ્દી પાવન તીર્થયાત્રા

#### ઈશ્વરીય યોજનામાં ભાગીદાર બનો, યશ-સન્માન મેળવો

**☞ તેને માટે ઘણો બધો સમય, શ્રમ, સાધન લગાવી ક્યાંય દૂર જવાનું નથી. યોજના સમજી, ઋષિ અનુશાસન સાથે જોડાઈ દિવ્ય ચેતના પ્રવાહને જીવનમાં સક્રિય બનવા દેવાનો છે.**

☞

આ યાત્રા યુગઋષિ (વેદમૂર્તિ, તપોનિષ્ઠ, પં.શ્રીરામ શર્મા આચાર્યજી)ના જન્મશતાબ્દી વર્ષના પ્રસંગે કાઢવામાં આવી રહી છે.

તેમનો જન્મ (સન્ ૧૯૧૧માં)મનુષ્ય માત્ર માટે ઉજ્જવળ ભવિષ્યના દ્વાર ખોલનારી 'યુગ નિર્માણ યોજના'ને લાગૂ કરવા માટે મહાકાળના અંશધર રૂપે થયો.

અનેક ઋષિતુલ્ય મહાપુરુષો-મહાત્મા સૂરદાસ, ભવિષ્ય દૃષ્ટા નૉસ્ટ્રાડેમસ, પુણ્યાત્મા બહાઉલ્લાથી લઈ સ્વામી વિવેકાનંદ, મહર્ષિ રમણ, યોગી અરવિંદ વગેરેએ યુગપરિવર્તનનો મહત્ત્વનો ઈશારો પોત-પોતાની રીતે કર્યો છે.

યુગઋષિએ આ દિવ્ય યોજનાની સ્પષ્ટ રૂપરેખા 'યુગ નિર્માણ યોજના' નામે રજુ કરી દીધી. તેમાં ભાગીદારી માટે તમામને આમંત્રણ આપવામાં અને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

**તેઓ ધન્ય બનશે કે જેઓ આ અભિયાન સાથે જોડાઈ જશે**

તેઓએ કહ્યું છે કે ભક્તો હંમેશા ભગવાનને પોકાર કરતા જ રહે છે, આ એ મહત્ત્વનો સમય છે, કે જ્યારે ભગવાન ભક્તોને પોકાર કરી રહ્યો છે.

(૧) યોજના તથા શક્તિ ઈશ્વરની
(૨) રક્ષણ અને અનુશાસન ઋષિઓ (દૃષ્ટાઓ, અવતારો, પીરો, પૈગમ્બરો)નું તથા
(૩) પુરુષાર્થ અને સહકાર મનુષ્યોનો.

પ્રથમ બે ધારાઓ સક્રિય બની ગઈ છે. ત્રીજી ધારા સક્રિય બનવાની છે. જેમ-જેમ તે સક્રિય સશક્ત બનશે, તેમ-તેમ નવયુગનું સ્વરૂપ નિખરતું જશે.

**સતયુગ આવશે ક્યારે? જન-જન જ્યારે ઈચ્છા કરશે ત્યારે.**

સૂક્ષ્મ જગતમાં ઈશ્વરના આદેશ અનુસાર વિભિન્ન સંપ્રદાયો તથા સંસ્થાઓનો આધાર બનાવનાર તમામ ઋષિ આત્મા એકત્ર બની કામ કરી રહેલ છે. લોકો પોતાની સંકુચિત બુદ્ધિના કારણે જ તેમાં ભેદ અનુભવે છે, વાસ્તવિક રીતે તો તે તમામ પ્રયત્ન મનુષ્યને શ્રેષ્ઠ આદર્શો તરફ પ્રેરિત કરવા માટે જ છે. સ્થૂળ જગતમાં જે ભાઈ-બહેન આ ઉદ્દેશ્ય માટે ઈમાનદારી પૂર્વક પ્રયત્ન કરશે તેમને તેમનો પ્રેરણા પ્રવાહ અને શક્તિ વરદાનનો લાભ સરળતાથી મળતો રહેશે.

### ભાગીદારી માટે આટલું કરો

- ભાગીદારી માટે એવો વિશ્વાસ જગાડો કે આ યુગ પરિવર્તનનો અતિ મહત્ત્વનો સમય છે. મનુષ્ય માત્ર માટે ઉજ્જવળ સર્જનની ઈશ્વરીય યોજના સક્રિય બની ગઈ છે. તેમાં સક્રિય ભાગીદારી નિભાવનારને સાંસારિક યશ અને આધ્યાત્મિ સદ્ગતિનો બેવડો લાભ અવશ્ય મળશે.

હું દરરોજ ભગવાન પાસે બેસી ઓછામાં ઓછી ૧૦-૧૫ મીનિટ સુધી ગાયત્રી મહામંત્ર અથવા કોઈ ઈશ્વરનો મંત્ર અથવા ઈશ્વરના નામના જપ અવશ્ય કરીશ. એ સમયે મનમાં ભાવ એ રાખો:-

**'હે પરમાત્મા! અમારા સૌમાં સદ્બુદ્ધિ જગાડો, સૌને ઉજ્જવળ ભવિષ્યના માર્ગ પર આગળ વધારો.'**

-પોતાના ભગવાન-ગુરુની સાક્ષીમાં પોતાની સમીક્ષા કરો, તથા સ્વયંને એક શ્રેષ્ઠ મનુષ્ય બનાવવા માટે સંકલ્પપૂર્વક પ્રયત્ન કરો. પોતાના આદર્શ પુરુષના જીવન પ્રકાશમાં પોતાના તથા પોતાનાઓના ચિંતન ચરિત્ર તથા વ્યવહારને શ્રેષ્ઠ બનાવવા માટે જાગૃત પ્રયત્ન કરો. પોતાની સમીક્ષા સ્વયં કરો. દુર્ગુણોને દૂર કરવા તથા સદ્ગુણોના વિકાસ માટે સંકલ્પ પૂર્વક પ્રયત્ન કરો.

-કોઈપણ લોકકલ્યાણકારી કામ માટે પોતાનો સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ અને ધનનો એક ભાગ નિયમિત રૂપે લગાડતો રહીશ. શરૂઆત નાના નાના નિયમોથી કરો. જેમ કે એક કલાકનો સમય તથા ઓછામાં ઓછી એક અડધો કપ ચાની કિંમત તેને માટે નિયમ પૂર્વક કાઢો. તેને સાર્થક પ્રયોજનોમાં ખર્ચ કરો. એવો ભાવ રાખો કે એવું કરી હું કોઈની ઉપર અહેસાન કરી રહ્યો નથી, બલ્કે પોતાની ફરજ નિભાવી રહ્યો છું. અથવા દેવું ચુકવી રહ્યો છું.

-યુગ નિર્માણના સાર્વભૌમ સૂત્રો તથા યુગ નિર્માણ સત્સંકલ્પના સૂત્રોનું અધ્યયન કરીશ, તેને પોતાની સંસ્થા/સમાજમાં વિવેક પૂર્વક લાગૂ કરવા માટે વ્યક્તિગત તથા સંગઠિત પ્રયત્ન કરીશ. જેઓ તેને લાગૂ કરી શકશે, તો તેમના પરિવાર, સમાજ અને સંસ્થાને ઈશ્વરીય યોજના માટે પ્રકાશ સ્તંભ બનવા જેવો યશ-સન્માન મળશે.

**(પત્રિકામાં અક્ષરો મોટા રાખો, જેથી સામાન્ય લોકો પણ સરળતાથી વાંચી શકે. સ્થાનિક કાર્યક્રમની તારીખ તથા વ્યવસ્થા વગેરેની જાણકારી આ પત્રકમાં સામેલ કરો અથવા અલગથી છપાવી વિતરણ કરો.**

### સૌના માટે ઉપયોગ

### ''યુગ નિર્માણના સૂત્રો''

યુગઋષિએ ધર્મ-અધ્યાત્મની તમામ શાખાઓ સાથે જોડાયેલ ઋષિતુલ્ય મહામાનવો, સંતો, સુધારકોના આત્માઓના સમર્થન-સમન્વયથી યુગ નિર્માણના સૂત્રોની રચના કરી છે. કોઈ પણ ધર્મ, સંપ્રદાય અને લોકહિતની વિભિન્ન શાખાઓ સાથે જોડાયેલ વિચારવાન અગર જો તેનું ઉંડાણ પૂર્વક અધ્યયન કરશે તો તેમને એ સૂત્રો પોતાની શ્રદ્ધા અનુરૂપ જ લાગશે. જેમ કે સ્વાસ્થ્યના સૂત્રો અપનાવનાર વ્યક્તિ યા સમાજને ઉત્તમ આરોગ્યનો લાભ મળે છે, તેવી જ રીતે યુગ નિર્માણના સૂત્રોને અપનાવનાર લોકો તથા સંસ્થાઓને ઉજ્જવળ ભવિષ્યની દિશામાં અગ્રેસર બનવાનો લાભ મળવાનો છે. એ સુનિશ્ચિત છે.

#### ત્રણ ઉલબ્ધિઓ

**૧.સ્વસ્થ શરીરઃ**-આહાર-વિહારના સંયમ દ્વારા શરીરને નિરોગી રાખવું તથા તેને એટલું તો સમર્થ બનાવવું કે કોઈ પાસે સેવા લેવાના બદલે કોઈને સેવા કરવા યોગ્ય બની રહે.

સમાજમાં જેટલા પણ ખોટા અનૈતિક કામ થઈ રહ્યા છે, તે તમામ અસ્વચ્છ મનનો ઉપદ્રવ જ કહી શકાય. મનમાં સારો શ્રેષ્ઠ ભાવ અને વિચારોને એટલા બધા ભરી લો કે ખોટી માન્યતાઓ, વિચારોને લેવાની તક મળે જ નહીં.

પોતાની જાતને સમાજનું એક અંગ માનો. સમાજમાં કુરિવાજો, અસામાજિક પ્રવૃત્તિઓ ઓછી કરવા તથા શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ વધારવા માટે નિયમિત પ્રયત્ન કરો. પછાત વર્ગને શ્રેષ્ઠ બનાવવા રસ લો.

#### ત્રણ ક્રાંતિઓઃ-

**(૧) વિચાર ક્રાંતિ-**વિચારો અને જીવનની પરિભાષાને આદર્શનિષ્ઠ, વિવેક સંમત બનાવવી. સુવિચારોને જીવનમાં ઉતારવા તથા સમાજમાં ફેલાવવા માટે નિયમિત પ્રયત્ન કરવો.

આદર્શો, વિવેક અનુરૂપ જીવન જીવવાનું અદમ્ય નૈતિક બળ જાગૃત કરવું. સ્વયં અનીતિ ન કરવી તથા કરનારને રોકવા માટે અસહકાર, પ્રતિરોધ જેવો પ્રયત્ન કરવો.

સમાજમાં વ્યાપેલ કુરિવાજોને દૂર કરી શ્રેષ્ઠ પ્રવૃત્તિઓની સ્થાપના કરવી. પરંપરાની તુલનામાં વિવેકને મહત્ત્વ આપો.

#### ત્રણ નિર્માણઃ-

**(૧) વ્યક્તિ નિર્માણ-**શ્રેષ્ઠ ચિંતન, ચરિત્ર અને વ્યવહારનિષ્ઠ વ્યક્તિત્વ બનાવવું.

-શ્રેષ્ઠ સંસ્કારથી સંપન્ન પ્રેમ અને સહકારથી ભરેલ પરિવારનો કાર્ય સમૂહ બનાવવો.

શ્રેષ્ઠ વ્યક્તિત્વ અને પરિવારોના માધ્યમથી આદર્શ સામાજિક વ્યવસ્થા બનાવવી. શ્રેષ્ઠ પ્રયોજનો માટે પરસ્પર સહકાર, સહગમનનો પ્રયત્ન કરવો.

#### ત્રણ પ્રવૃત્તિઓઃ-

**(૧) પ્રચારાત્મકઃ**-યુગનિર્માણના સૂત્રોનો જન-જનને પરિચય આપવો અને સંમત બનાવવા.

-સંમત લોકોને પ્રેરિત તથા પ્રશિક્ષિત કરી વિભિન્ન સર્જનાત્મક કાર્યોમાં લગાવવા.

સર્જન કાર્યોમાં આવનારા અવરોધોને સાહસપૂર્વક દૂર કરતા આગળ વધવું.

**આ વિષય વસ્તુને પત્રિકાની જેમ છાપો તથા બીજી બાજુ 'યુગ નિર્માણ સત્સંકલ્પ' પ્રકાશિત કરો.**

# જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમો

## ભરૂચ ગાયત્રી શક્તિપીઠ સેવા ટ્રસ્ટ દ્વારા ભવ્ય પુસ્તક મેળો યોજાઈ ગયો

**ભરૂચ (ગુજરાત)**

તા-૧૬ થી ૨૧ ડિસેમ્બર-૨૦૧૦ના દિવસોમાં ભરૂચ ગાયત્રી શક્તિપીઠ સેવા ટ્રસ્ટ દ્વારા ભવ્ય પુસ્તક મેળો યોજાઈ ગયો. પુસ્તક મેળાની મંજુરી મળતાં જ જીલ્લાના કાર્યકર્તાઓમાં અનેરા આનંદ સાથે સફળ બનાવવાના ચક્રો ગતિમાન થયા. નીતિન ભાઈ, મહેન્દ્રભાઈ તથા લીલાબેન ડાહ્યાભાઈની સાથે જીલ્લાના તમામ કાર્યકર્તાઓએ કમર કસી તૈયારીઓમાં લાગી ગયા. જોરશોરથી પ્રચાર પ્રસાર માટે જાહેર જગ્યાઓ પર બેનર્સ તેમજ દરવાજે-દરવાજે ફરી ભરૂચની તમામ કૉલેજો, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક તેમજ પ્રાથમિક શાળાઓ તથા શહેરના સાહિત્ય પ્રેમીઓને પત્રિકા દ્વારા તથા ટી.વી.ના માધ્યમથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું.

તા-૧૬ ડિસેમ્બરના રોજ અમદાવાદ સાહિત્ય કેન્દ્રના ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, સ્થાનિક આશ્રમના ઓમકારનંદજી અને ભરૂચ જિલ્લાના સંસદસભ્ય શ્રી દુષ્યંત પટેલના કરકમલો દ્વારા પુસ્તક મેળાનું દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

૨૫, ૫૦ અને ૧૦૦ રૂાની કુપનો છપાવવામાં આવી હતી. સદર કુપન લઈને આવનાર ભાઈ-બહેનોને કુપનના માધ્યમથી બમણી કિંમતનું સાહિત્ય આપવામાં આવતું હતું. કુપનના માધ્યમથી ૧ લાખ ૯૫ હજાર રૂપિયાનું સાહિત્ય પહેલાંથી જ બુકિંગ થઈ ગયું હતું.

સાહિત્યના વિતરણ માટે કુલ ૨૪ સ્ટૉલ બનાવવામાં આવ્યા હતા. જેના પર ૯૫ ટકા મહિલાઓએ સેવાની ફરજ બજાવી હતી. જે લોકો સાહિત્ય મેળાની મુલાકાતે આવતા તેમને મીઠો આવકાર આપી ગુરુદેવના સાહિત્યની જાણકારી આપવામાં આવતી હતી. આગંતુકોને યુગઋષિના જીવન દર્શન પર આધારિત પ્રદર્શનીના માધ્યમથી પરમ પૂજ્ય ગુરૂદેવનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવતો હતો. એશિયાની નંબર-૧ જી.આઈ.ડી.સી. અંકલેશ્વરમાં દેશના અન્ય પ્રાંતના લોકો હોવાથી ૧૨ ભાષાનું સાહિત્ય રાખવામાં આવ્યું હતું. પ્રેક્ષકોને જોવા વાંચવાની સાથે એલ.સી.ડી. પર શાંતિકુંજ, દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય દેવાત્મા હિમાલય, બ્રહ્મવર્ચસ તેમજ સમસ્ત ગુજરાતનું સુરત ખાતે યુવા સંમેલનની ગતિવિધિઓની કેસેટ પણ બતાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

તમામ ધર્મસંપ્રદાયના લોકોએ આ પુસ્તક મેળાની મુલાકાત લીધી. દરેકે વિઝીટર્સ બુકમાં પોત-પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સંસદ સભ્ય શ્રી દુષ્યંતભાઈએ પોતાનું મંતવ્ય આપતાં લખ્યું હતું કે ''આ સાહિત્ય દુનિયાના માનવીઓના વિચારો બદલવાની શક્તિ ધરાવે છે. આ સાહિત્ય માનવમાં દેવત્વનો ઉદય થવાની સંભાવના દર્શાવે છે.''

નાના એવા ભરૂચ જિલ્લામાં ગાયત્રી પરિવારના પરિજનોના સહકારથી ૧૩ લાખ ૪૦ હજાર રૂપિયાના સાહિત્યનું વેચાણ થયું.

**ભરૂચ રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞ**

ગાયત્રી શક્તિપીઠ સેવા ટ્રસ્ટ દ્વારા તા-૧૩ થી ૧૫ ડિસેમ્બર-૧૦ના દિવસોમાં રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. શાંતિકુંજના પરિવ્રાજક શ્રી ભરતભાઈ જાડેજા તથા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના યોગ અને સ્વાસ્થ્ય સંરક્ષણના ડૉ.કામતા પ્રસાદ શાહુ તા-૧૩ ડિસેમ્બરના રોજ કાર્યક્રમ હેતું ભરૂચ પહોંચ્યા હતા. તમામ અતિથિઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. હોસ્ટેલ ગ્રાઉંડ પાંચબત્તી ક્ષેત્રના વિશાળ પ્રાંગણમાં પ્રવચન મંડપ અને ૯ કુંડીય યજ્ઞ વેદીનું નિર્માણ કરી વિભિન્ન સંસ્કાર સંપન્ન કરાવવા હેતુ અલગ વ્યવસ્થા બનાવવામાં આવી હતી. મધ્યાહ્ન ૨.૦૦ કલાકે શાંતિકુંજથી પધારેલ ટોળીની હાજરીમાં સંપૂર્ણ મધ્ય ગુજરાતના પરિજનોની વિશાળ ઉપસ્થિતિમાં શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. મંગળ કળશ પૂજન પરિવ્રાજક શ્રી ભરતભાઈ જાડેજાની ટોળીએ કરાવી શોભાયાત્રાને નગર ભ્રમણ હેતું રવાના કરી. ગાયત્રી શક્તિપીઠ પરથી પ્રારંભ થયેલ શોભાયાત્રાનું દરેક જગ્યાએ સ્વાગત થયું. કાર્યકર્તા ભાઈ-બહેનો શોભાયાત્રામાં મિશનના ક્રાંતિકારી સૂત્રોનો જયઘોષ કરતાં અને કાર્યક્રમમાં પધારવા હેતું પત્રિકા વિતરણ કરી શોભાયાત્રામાં વિભિન્ન સૂત્રો વાળા બેનર્સ અને પ્રજ્ઞાગીતોની સીડી સમગ્ર શોભાયાત્રામાં જાણકારી આપતી રહી.

યજ્ઞશાળા સ્થળ પર શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ધર્મધ્વજારોહણ હંસદેવ આશ્રમના વેદાંતાચાર્ય શ્રી સૂર્યનારાયણજીના કરકમલો દ્વારા સંપન્ન કરાવવામાં આવ્યું. વિશાળ મંડપમાં યુગ સંગીત અને ઋષિ સંદેશ શાંતિકુંજના પ્રતિનિધિ દ્વારા આપવામાં આવ્યો. અમૃતાશન પ્રસાદ લીધા પછી બધા વિસર્જીત થયા.

તા-૧૪ ડિસેમ્બરના રોજ સવારે ૫.30 કલાકે સ્વાસ્થ્ય અને યોગાભ્યાસની અંતર્ગત ડૉ.કામતા પ્રસાદ શાહુ દ્વારા યોગાભ્યાસ કરાવતાં સ્વાસ્થ્ય અને રોગમાં યોગનું શું મહત્વ છે તે વિષય પર માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું.

સવારે ૮.30 થી યજ્ઞ મંડપમાં વિભિન્ન સંસ્કારો ટોળી દ્વારા સંપન્ન કરવામાં આવ્યા. મધ્યાહ્ન ૨.૦૦ કલાકથી કાર્યકર્તા બેઠકમાં ગુરુદેવની જન્મશતાબ્દી વર્ષમાં આપણી જવાબદારી અને ગાયત્રી પરિવારના અનુશાસન, કર્તવ્યો, સાહિત્ય પ્રચાર-પ્રસારની તેમજ જન્મ શતાબ્દી વર્ષમાં યોજનારા કાર્યક્રમોની સમીક્ષા કરતાં સાધના, અંશદાન, સમયદાન માટે અપીલ કરવામાં આવી.

તા-૧૫ ડિસેમ્બરના રોજ સવારે યોગાભ્યાસ બાદ ૮.30 કલાકે ૧૧ કુંડી યજ્ઞના માધ્યમથી મંત્રદીક્ષા તેમજ વિભિન્ન સંસ્કાર સંપન્ન કરાવવામાં આવ્યા. સાંજે ૧૧,૧૧૧ દીપક પ્રગટાવી વિરાટ રાષ્ટ્ર જાગરણ મહાયજ્ઞ સંપન્ન થયો. જેમાં 3000 જેટલા પરિજનોએ ભાગ લીધો. આરતી વંદનની સાથે યુગસંગીત અને ઋષિસંદેશ આપવામાં આવ્યો. ✡





## સંતરામપુરમાં વિરાટ પુસ્તક મેળો યોજાઈ ગયો

**સંતરામપુર (પંચમહાલ)**

પરમ પૂજ્ય ગુરુદેવની જન્મ શતાબ્દી વર્ષ-૨૦૧૧ નિમિત્તે ગાયત્રી શક્તિપીઠ સંતરામપુર અને જિલ્લાના સક્રિય પરિજનોના સંકલ્પ દ્વારા વિરાટ યુગ સાહિત્ય પુસ્તક મેળો તા-30 જાન્યુઆરી-૧૧ થી તા-૫ ફેબ્રુઆરી-૧૧ના દિવસોમાં યોજવામાં આવ્યો હતો.



પુસ્તક મેળાનું નિરીક્ષણ કરી રહેલ આદ. શ્રી ચૈતન્યજી

સમગ્ર પુસ્તક મેળામાં ૧૨ લાખથી વધુ પુસ્તકો જૂના વાડજ અમદાવાદ તથા ડભોઈ ગાયત્રી પરિવાર પાસેથી મંગાવવામાં આવ્યા હતા. ગાયત્રી શક્તિપીઠ સંતરામપુર પાસે ઉપલબ્ધ પુસ્તકો પણ પુસ્તક મેળામાં વેચાઈ ગયા હતા.

સમગ્ર પુસ્તક મેળા માટે સંતરામપુર, ફતેપુરા અને કડાણા તાલુકાની પ્રાથમિક શાળાઓ, કૉલેજો, આશ્રમશાળાઓ વગેરેનો સંપર્ક સાંધી પુસ્તકોનો લાભ વિદ્યાર્થીઓને તથા યુવા વર્ગને મળે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાઓ પૈકી 300 શાળાઓમાં ૫૦૦ રૂપિયાથી વધુની કિંમતના પુસ્તકો ખરીદવા કેળવણી નિરિક્ષક શ્રી જી.ડી. પારગી, પંચમહાલ જીલ્લા સંઘના પ્રમુખ શ્રી ભાર્ગવભાઈ પટેલ, જિલ્લા માધ્યમિક સંઘના અધ્યક્ષશ્રી જે.પી.પટેલ તથા તેમની ટીમ દ્વારા નક્કી કરવામાં આવ્યું.

તા-૩૧ જાન્યુઆરીના રોજ યુગ નિર્માણ યોજના મથુરાના વ્યવસ્થાપક આદરણીય શ્રી ચૈતન્ય પ્રસાદ, શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રી બી.એન.સોલંકી તથા શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી ચંપકલાલની વિશેષ ઉપસ્થિતિમાં પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પુસ્તક મેળામાં ૫૧ થી વધુ યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના સભ્યો બનાવનાર પરિજનોને સન્માનિત કરવામાં આવ્યા હતા. પુસ્તક મેળામાં પરમ પૂજ્ય ગુરુદેવના જીવન ચરિત્રની પ્રદર્શની લગાવવામાં આવી હતી.

પુસ્તક મેળાને સફળ બનાવવા માટે સમિતિના તમામ પરિજનોએ અનેરો ઉત્સાહ દાખવ્યો હતો. પુસ્તક મેળાનું સફળ સંચાલન ગાયત્રી શક્તિપીઠના વ્યવસ્થાપક શ્રી રામજીભાઈ ગરાસીયાએ કર્યું હતું. ✡

## ગોંડલ જેલમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમ

**ગોંડલ (રાજકોટ)**

ગોંડલ પ્રજ્ઞાપીઠના પરિજન ભાઈ-બહેનો દ્વારા હોળી-ધૂળેટીના પ્રસંગે ગોંડલ જેલના કેદી ભાઈ-બહેનોની મુલાકાત લઈને ગાયત્રી સત્સંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. ધૂળેટીના દિવસે જેલના કેદી ભાઈ-બહેનો સાથે રંગોથી, કુમ-કુમથી તિલક કરી રંગે રંગવાનો કાર્યક્રમ કર્યો. કેદી ભાઈ-બહેનોમાં ખજૂર, ધાણી, મીઠાઈની વહેંચણી કરવામાં આવી હતી. આનંદ-ઉમંગની સાથે ધૂળેટીનો તહેવાર જેલામાં ઉજવવામાં આવ્યો હતો.



તા-૨૫ માર્ચ-૧૧ના રોજ જેલમાં ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોથી પ્રભાવિત થઈને કેદી ભાઈઓએ દર મહિને ગાયત્રી યજ્ઞ તથા ગાયત્રી સત્સંગ કરવા માટે જણાવ્યું. ગાયત્રી યજ્ઞમાં ૨૫ કેદી ભાઈઓએ જીવ હિંસા ન કરવા, પાન-બીડી, તમાકુ તેમજ માંસ-મદીરા છોડી દેવા માટેના સંકલ્પો લીધા. જેલના જેલર શ્રી ચૌહાણ સાહેબના પ્રયાસોથી જેલમાં નાની એવી લાયબ્રેરી શરૂ કરવામાં આવી. દરેકને યુગ સાહિત્યની પ્રસાદી આપવામાં આવી.

**રક્તદાન કેમ્પ ગોંડલ (રાજકોટ)**

તા-૩૧ માર્ચ-૧૧ના રોજ ગોંડલ જેલમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેલના કેદી ભાઈઓ સહિત જેલના સ્ટાફના ભાઈઓએ પણ રક્તદાન કર્યું હતું. ૩૫ બોટલ જેટલું રક્તદાન કરી જેલના કેદીઓ તેમજ સુરક્ષા કર્મચારી, પોલીસ સ્ટાફ સર્વેએ માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું. છેલ્લા ત્રણ વર્ષથી જેલમાં ગાયત્રી પરિવાર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવે છે. જેલના નંદનવન-માં ૨૦૦૦ જેટલા વૃક્ષો આજે શીતળ છાંયડો આપી રહ્યા છે. આગામી ટુંક સમયમાં જેલના કેદી ભાઈઓને આરોગ્ય સંબંધી જાણકારી આપવા માટે યોગના વર્ગો શરૂ કરવામાં આવનાર છે.

જેલમાં યોજાયેલ વિભિન્ન કાર્યક્રમોને સફળ બનાવવા માટે ગોંડલ ગાયત્રી પ્રજ્ઞાપીઠના શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી ભરતસિંહ જાડેજા અને મહિલા મંડળની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ✡

# નેત્ર નિદાન કેમ્પ યોજાયો

**કરોલી (અમદાવાદ)**

તા-૨ જાન્યુઆરી-૧૧ના રોજ કરોલી ગામની પ્રાથમિક શાળામાં ગાયત્રી શક્તિપીઠ-દહેગામ તથા લાયન્સ કલબ-અમદાવાદના સહયોગથી નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો લાભ આશરે 300 જેટલા દર્દીઓએ લીધો હતો. 30 જેટલા દરદીઓને વિના મૂલ્ય મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા. ચશ્માનું વિતરણ રાહત દરે કરવામાં આવ્યું હતું.

**રખિયાલ (અમદાવાદ)**

તા-૨૨ જાન્યુઆરી-૧૧ના રોજ રખિયાલ ગામના આરોગ્ય કેન્દ્રમાં ગાયત્રી શક્તિપીઠ-દહેગામ તથા લાયન્સ કલબ અમદાવાદના સહયોગથી નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૫૦૦ દરદીઓની તપાસ કરવામાં આવી હતી. ૪૮ જેટલા દરદીઓની વિના મૂલ્યે મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા.

# વિસનગરની તેજસ્વી વિદ્યાર્થીની

**વિસનગર (મહેસાણા)**



ગાયત્રી તીર્થ શાંતિકુંજ હરિદ્વારના સહયોગથી ગાયત્રી પ્રજ્ઞા પીઠ વિસનગર દ્વારા લેવાયેલ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૧૦ નૂતન સર્વ વિદ્યાલય વિસનગરની વિદ્યાર્થીની કુ.હિનલ પ્રકાશભાઈ ચૌધરી ધોરણ-૮ મહેસાણા જિલ્લામાં પ્રથમ અને ગુજરાત રાજ્યમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી પોતાના પરિવારનું શાળાનું તથા મહેસાણા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

રાજ્યમાં દ્વિતીય સ્થાને સફળ થતા ગાયત્રી જ્ઞાનપીઠ વાડજ અમદાવાદ ખાતે કુ.હિનલનું સન્માન કરી ૫૦૦૧- રૂપિયા પુરસ્કાર રૂપે આપવામાં આવ્યા. ઉનાળું વેકેશન દરમ્યાન તેને શાંતિકુંજ હરિદ્વાર ખાતે યોજાનાર પ્રશિક્ષણ શિબિરમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું. તેના પ્રવાસ, આવાસ-નિવાસ તથા અન્ય વ્યવસ્થા ગાયત્રી પરિવાર દ્વારા કરવામાં આવશે.

# ભાવભરી શ્રદ્ધાંજલિ

**વીરપુર (રાજકોટ)**

વીરપુર ગાયત્રી શક્તિપીઠના ભૂતપૂર્વ ટ્રસ્ટી અને સક્રિય કાર્યકર શ્રી પૂર્ણિમાબેન દેસાઈનું મહા શિવરાત્રિના રોજ હૃદયરોગના હુમલાથી અવસાન થતા ગાયત્રી પરિવાર ખૂબ ઉંડા દુ:ખની લાગણી અનુભવે છે.

સદ્‌ગત પૂર્ણિમાબેનના અવસાન -થી વીરપુર શક્તિપીઠના પરિજનો તથા મહિલા મંડળને મોટી ખોટ પડી છે. બહેનની ગેરહાજરી કાયમ સાલશે. સદ્‌ગત આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે એવી માં ગાયત્રી, પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીને પ્રાર્થના.

# યુગઋષિ બાળ સંસ્કાર કેન્દ્રના બાળકો દ્વારા સંસ્કૃતિ સંસ્થાનું ભવ્ય આયોજન

**મહેસાણા (ગુજરાત)**

મહેસાણા ગાયત્રી પરિવાર દ્વારા ધોરણ-૫ થી ૧૦ના વિદ્યાર્થીઓમાં સુસંસ્કારોના સિંચન અને વ્યક્તિત્વના વિકાસ માટે અઠવાડિયામાં એક કલાક માટે ''યુગઋષિ બાળ સંસ્કાર કેન્દ્ર'' ચલાવવામાં આવે છે. જેમાં આ વર્ષે આશરે ૧૫૦ બાળકો નિયમિત રીતે ઉપસ્થિત રહ્યા હતા. આ શૈક્ષણિક વર્ષના સમાપન પ્રસંગે બાળકોની પ્રતિભાના પ્રસ્તુતિકરણ માટે તા-૨૭ માર્ચના રોજ મહેસાણા શહેરમાં એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ''સંસ્કૃતિ સંધ્યા''નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્કાર કેન્દ્રના આશરે ૬૦ જેટલા બાળકોએ પ્રાર્થનાગીત, નૃત્ય, રાસ-ગરબા, ભજન, વ્યસન મુક્તિ અને દહેજ પ્રથા વિશે નાટકો તથા એક પાત્રિય અભિનય જેવા કાર્યક્રમો દ્વારા પોતાની કળાનો પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમમાં ૬૦૦ થી પણ વધુ સંખ્યામાં બાળકો, વાલીઓ, પરિજનો ઉપરાંત શહેરી-જનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો અને બાળકોની ભરપૂર પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેસાણાના યુવા પરિજનો પ્રજ્ઞા પંચાલ, નિકિતા પટેલ, નિકુંજ ઓઝા, ફાલ્ગુની પટેલ, વિપુલ પટેલ, કિંજલ ઓઝા, આદિત્ય પટેલ તથા અમીત પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. સત્રાંત વિદાય પ્રસંગે બાળકોએ શરીર, મનને સ્વસ્થ રાખવા માટે આજીવન વ્યસન મુક્ત રહેવાના તેમ જ નિયમિત રીતે પ્રાણાયામ-ધ્યાન-ઉપાસના કરવાના સંકલ્પો કર્યા હતા.

મહેસાણા નગરમાં રાધનપુર રોડ, મોઢેરા રોડ વગેરે ઝોનમાં પણ બાલ સંસ્કાર કેન્દ્રો ચાલી રહ્યા છે. વિશેષમાં જન્મ શતાબ્દી વર્ષમાં નવા બાલ સંસ્કાર કેન્દ્રો આસપાસના ગામોમાં શરૂ કરવામાં આવી રહ્યા છે. આ બાલ સંસ્કાર કેન્દ્રોનું ધ્યેય ગાયત્રી મહામંત્રને ઘેર-ઘેર પહોંચાડવાનો તેમજ સ્વસ્થ યુવા નિર્માણનો છે જે આજના સમયનું અદ્‌ભુત અભિયાન છે.

# વિરપુરમાં પ્રજ્ઞાપુરાણ કથાનું ભવ્ય આયોજન

**વિરપુર (રાજકોટ)**

જલારામ બાપાના ધામ વીરપુર ખાતે ગાયત્રી શક્તિપીઠ વીરપુર તથા ગાયત્રી મહિલા મંડળના સહિયારા પ્રયાસોથી વીરપુર ગાયત્રી શક્તિપીઠના પ્રાંગણમાં પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન તા- ૧૩ થી ૧૭ માર્ચ, ૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું હતું. પત્રિકાઓ દ્વારા રાજકોટ જીલ્લાની તેમજ આણંદ, અમદાવાદ, વડોદરા, જામનગર, જુનાગઢ, અમરેલી જીલ્લાની શાખાઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. કથાનું રસપાન મીનાક્ષીબેન પટેલે કરાવ્યું હતું.

તા- ૧૩ માર્ચના રોજ જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયત્રી પરિજનોએ, ગૌસેવા મંડળના કિર્તનકારોએ તથા ગામના ભાવિક ભક્તજનોએ ભાગ લીધો હતો. બીજા દિવસથી દરરોજ સવારે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવતું હતું. યજ્ઞ દરમ્યાન લોક કલ્યાણની ભાવનાને ધ્યાનમાં લઈને વિશ્વના સર્વેલોકોનું કલ્યાણ થાય તે



વીરપુર કથાનું શ્રવણ કરી રહેલ પરિજનો

માટે, વિશેષ કુદરતી આપત્તીમાં ફસાયેલા અને ભોગ બનેલા જાપાનના કલ્યાણ માટે મહામૃત્યુંજય મંત્રની આહુતિઓ આપવામાં આવી. વીરપુર ગાયત્રી શક્તિપીઠના દિવંગત ટ્રસ્ટીઓને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

**વીરપુર ગાયત્રી શક્તિપીઠની પ્રવૃત્તિઓ**

વીરપુર ગાયત્રી શક્તિપીઠ પોતાની ક્ષેત્ર મર્યાદાને અનુરૂપ ગુરૂદેવના આદેશાનુસાર વિવિધ પ્રવૃત્તિઓ ખૂબજ ઉત્સાહથી કરે છે. વસંત પંચમીના રોજ નવકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. નિયમિત દર રવિવાર, ગુરૂવાર અને પૂનમના રોજ શક્તિપીઠ પર સામૂહિક મંત્ર જાપનું આયોજન કરવામાં આવે છે. જન્મ શતાબ્દી મંત્ર લેખન અંતર્ગત ૯૦૦ બુકનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આજુબાજુના ૧૦ ગામોમાં ૯૦૦૦ સ્ટીકરો લગાવવામાં આવ્યા છે.

# ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર દ્વારા સમાજ શિક્ષણ શિબિર યોજાઈ

**ચલાલા (અમરેલી)**

ચલાલા શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ તથા જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)ના સંયુક્ત ઉપક્રમે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિવિધ યોજનાકીય જાણકારી માટે 'સમાજ શિક્ષણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મંગલદીપનું પ્રાગટ્ય સંસ્થાના મોભી શ્રી રતિદાદા, ઝાલા સાહેબ, ઉદયબાપુ, પંડ્યા સાહેબ, ભીમનાથના મહંત શ્રી મહીપત બાપુ તથા સરોજબેન નાગલા-લંડન દ્વારા કરવામાં આવ્યું હતું.

સંસ્થાના યુવા કાર્યકર શ્રી મહેશભાઈ મહેતાએ સ્વાગત પ્રવચન અને મહેમાનોને આવકાર્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત ઈશાબેન તથા બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ સ્વાગત ગીત સાથે કરવામાં આવી . ઉદયબાપુ તથા મહીપત બાપુએ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

ઝાલા સાહેબે સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિવિધ યોજના જેવિકે સ્કોલર્શીપ ઉચ્ચ અભ્યાસ માટે ડોક્ટરી લાઈન, પાયલોટ તેમજ બહેનો માટે સિલાઈ મશીન, બિમારો જેવાકે ટી.બી, કેન્સર, રક્તપિત, મકાન સહાય, અપડાઉન કરતી બાળાઓને સાઈકલ સહાય જેવી સરકારની યોજનાની સુંદર રીતે જાણકારી આપી હતી.

પંડ્યા સાહેબે સંસ્થામાં થતા સેવાકીય કાર્યોની ઝાંખી કરાવી હતી અને સંસ્થા દ્વારા થતા સેવાના કાર્યો જેવા કે સમૂહ લગ્નો, અનાથ આશ્રમ તેમજ વૃદ્ધાશ્રમ માટેન સુંદર માહિતી આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી રતિદાદા તથા મહેશભાઈ મહેતા, રમણીકભાઈ, સંજયભાઈ, ભાવિકભાઈ, મામા, સુધીરભાઈ, મંજુલાબેન, ભાનુબેન, શીતલ બેન તથા સમગ્ર સ્ટાફના ભાઈ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષાની રાજકોટ ખાતે જીલ્લા સ્તરની શિબિર યોજાઈ ગઈ

**રાજકોટ (ગુજરાત)**

ભારતીય સંસ્કૃતિના પ્રસાર માટે,વિદ્યાર્થીઓના ઘડતર માટે દર વર્ષે લેવામાં આવતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં તાલુકા કક્ષાએ ઉંચુ સ્થાન પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓની જિલ્લા સ્તરે તા-૧૬ ફેબ્રુઆરી-૧૧ના રોજ એક દિવસીય પ્રતિભા પરિષ્કાર શિબિર યોજાઈ ગઈ. શિબિરનું આયોજન રાજકોટ, ગાયત્રી શક્તિપીઠ, વૈશાલીનગર ખાતે રાખવામાં આવી હતી.

ધોરણ-૫ થી ૧૨ સુધી લેવાયેલ પરીક્ષામાં તાલુકા સ્તરે દરેક વિભાગના પ્રથમ-બે-બે વિદ્યાર્થીઓ મળી કુલ ૧૬ વિદ્યાર્થીઓ દરેક તાલુકાઓમાંથી શિબિરમાં ભાગ લેવા આવ્યા હતા. સમગ્ર જિલ્લામાંથી કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ આ શિબિરમાં સામેલ થયા હતા.

સવારે ૧૦.૦૦ કલાકે ગાયત્રી મંત્રના બુલંદ નાદ સાથે શ્રી સ્વામીનારાયણ ગુરુકુળના આચાર્ય શ્રી વઘાસીયા સાહેબ, પરીક્ષા સમિતિના સંયોજક શ્રી સીદપરા સાહેબ તથા સર્વે તાલુકાના સંશ્લિષ્ઠ પરિજનોના વરદ્‌હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. વઘાસીયા સાહેબે રાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ સફળતાને વરેલા વ્યક્તિઓના જીવન પ્રસંગો વર્ણવી આવતી મુશ્કેલીઓ સામે સતત સંઘર્ષ કરી સફળતા મેળવવાની પ્રેરણા આપી.

રાજ્ય કક્ષાની શિબિર માટે વિદ્યાર્થીઓને નામાંકિત કરવા એક કલાકની ક્વીઝ કસોટી લેવામાં આવી. બપોરે ૩.૦૦ કલાકે સત્ય પ્રકાશ વિદ્યા મંદિરના આચાર્ય શ્રી હેમરાજભાઈ કુગસીયા સાહેબે પ્રેરણાપ્રદ પ્રવચન કર્યું. શિબિરમાં શહેરની વિવિધ શાળાઓના આચાર્યશ્રી પધાર્યા હતા. જેમાં શિહાર સાહેબ, મોદી સ્કૂલના શ્રી સેંજલીયા સાહેબ, શ્રી પાંભર સાહેબ, બારદાનવાલા સ્કૂલના શ્રી મધુબેન ખુંટ, શ્રી મનવીરભાઈ કુગસીયા તથા સ્વામીનારાયણ ગુરુકૂળના પ્રીન્સીપાલ શ્રી બી.ડી.વઘાસીયા સાહેબના વરદ્‌હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર તથા મોમેંટો વિતરણ કરવામાં આવ્યા હતા.

ક્રમાંકિત વિદ્યાર્થીઓને પં.શ્રીરામ શર્મા આચાર્યજીની જન્મ શતાબ્દીના લોગોવાળી આકર્ષક ઘડીયાળ તથા પરમ પૂજ્ય ગુરુદેવ રચિત પુસ્તકો પુરસ્કાર રૂપે આપવામાં આવ્યા હતા. મહેમાનોનું ભાવભીનું સ્વાગત કરી પુસ્કારોથી નવાજવામાં આવ્યા હતા. સમગ્ર જિલ્લાની જેજે શાળાઓએ ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવ્યા હતા તેમને પણ ઘડીયાળ ભેટ આપવામાં આવી. જીલ્લા સ્તરની પરીક્ષાઓમાં સફળ થયેલા બે-બે વિદ્યાર્થીઓને જીવન ઘડતરના શ્રેષ્ઠ પુસ્તકો તથા રોકડ પુરસ્કારો આપી શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાયત્રી પરિવારના પરિજન ભાઈ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને તથા સમગ્ર જીલ્લાની ૧૦૦થી વધું વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવનાર શાળાઓને પં. શ્રીરામ શર્મા આચાર્યજીની જન્મ શતાબ્દી લોગો વાળી ઘડીયાળ તથા પરમ પૂજ્ય ગુરૂદેવ દ્વારા રચિત પુસ્તકો પુરસ્કાર રૂપે ભેટ આપવામાં આવ્યા હતા.**

# શાંતિકુંજની આદર્શ ગ્રામ વિકાસ યોજના સ્વાસ્થ, સ્વચ્છતા અને સ્વાવલંબનની પ્રેરણા

**ગંગદાસપુર, હરિદ્વાર (ઉત્તરાખંડ)**

શાંતિકુંજના આપદા પ્રબંધન દળે તા-૧૩,૧૪ માર્ચના રોજ લકસર તાલુકાનું ગામ ગંગદાસપુરમાં આદર્શ ગ્રામ વિકાસ પ્રશિક્ષણ



ગંગદાસ પુરમાં ગ્રામવિકાસ અને આત્મસુધાર માટે યજ્ઞાહુતિઓ સમર્પિત કરી રહેલ ગ્રામવાસીઓ

શિબિરનું આયોજન કરી ગ્રામવાસિઓને આદર્શ ગ્રામ વિકાસનું માર્ગદર્શન પૂરૂ પાડ્યું. બે દિવસીય કાર્યક્રમમાં સ્વચ્છતા, સ્વાસ્થ્ય, સ્વાવલંબન સંબંધી પ્રાયોગિક કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા. શિબિરનું સમાપન પાંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે થયું. જેમાં ઘણા ગ્રામવાસીઓએ મિશન સાથે જોડાઈને આ અભિયાનને આગળ વધારવા માટે સંકલ્પ લીધા. કાર્યક્રમ સંચાલનની સાથે શાંતિકુંજથી શ્રી વિષ્ણુ મિત્તલજીના નેતૃત્વમાં ૧૨ સભ્યોની ટોળી પહોંચી હતી.

બે દિવસમાં જ જાહેર રસ્તાઓ, જાહેર સ્થળોની સફાઈ કરવામાં આવી. શ્રી મિત્તલજીએ ગ્રામવાસીઓની આગળ પરમ પૂજ્ય ગુરુદેવના વાક્ય 'ભગવાન માત્ર તેની જ મદદ કરે છે, જે પોતાની મદદ જાતે કરે છે.'ને બોલાવતા કહ્યું કે વિકાસ માટે બીજાઓ પર આશ્રિત રહેવાને બદલે પોતાની શક્તિઓને ઓળખી અને તેમનો યોગ્ય ઉપયોગ કરવો આવશ્યક છે. તમે મુઠ્ઠી દાનને યોજનાનો આધાર બનાવો. પોતાના ગામના ટુટેલા રસ્તાઓને ઠીક કરો. સફાઈ, સાર્વજનિક સ્થળોને ઠીક કરવા, બાળકોના શિક્ષણ જેવા કાર્યો સહકારીતાના આધારે શરૂ કરી દેવામાં આવે તો પ્રગતિના દ્વાર પોતાની મેળે ખુલતા જશે. પોતાની પ્રગતિ માટે આગળ આવશો તો સહયોગીઓની કોઈ ઉણપ નહીં રહે.

શ્રી કામતા શાહુએ લોકોને ડિટર્જેન્ટ પાવડર, ફિનાઈલ, મીણબત્તી, દંતમંજન જેવી વસ્તુઓ બનાવવાની રીત શિખવાડી. તેઓએ ઘરેલું મસાલાઓથી સામાન્ય રોગોના ઉપચારના ઉપાયો બતાવ્યા. ગ્રામવાસીઓને નશાના તમામ દુષ્પ્રભાવોની સાથે તેનાથી થનારી આર્થિક નુકશાનના આંકડા જણાવ્યા અને ઘરેલું ક્લેશની માર્મિક ઘટનાઓ બતાવી. શાંતિકુંજ પ્રતિનિધિઓની પ્રેરણા પ્રભાવશાળી નીવડી. અનેક લોકોએ બીડી, સીગરેટ, દારૂ વગેરે દુર્વ્યસનો છોડી દેવા સંકલ્પો લીધા. ગંગદાસપુરના શ્રી રમેશસિંહ ચૌહાન, વિરેન્દ્ર ધીમાન, પ્રેમપ્રકાશ શર્મા વગેરેએ કાર્યક્રમની સફળતામાં અગ્રણી ભૂમિકા નિભાવતા આ અભિયાનને જીવંત અને જાગૃત રાખવાનું આશ્વાસન આપ્યું. શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી રાકેશ જાયસ્વાલ, પ્રેમલાલ બિડલા, નરેન્દ્ર ઠાકુરે ગ્રામવાસીઓનું માર્ગદર્શન કર્યું. ✡

## મહત્વપૂર્ણ સૂચના

**જે પરિજન 35AC(80GGA)ના અંતર્ગત શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટને દાન આપીને ઈંકમ ટેક્સમાં 100 ટકા છૂટની સુવિધા મેળવવા માંગતા હોય, તેઓ કૃપા કરી પોતાના દાનની સાથે PAN NO. નો ઉલ્લેખ અવશ્ય કરે. નવા કાયદાકીય નિયમ પ્રમાણે દાનની રસીદ પર PAN NO. લખવો જરૂરી થઈ ગયો છે.**

# 'વેલ ઈન ટાઈમ' આવેલ યુવાનોએ કહ્યું એક સંતનો ઉપદેશ વિકૃત થઈ રહ્યો છે



દિલ્હી વિશ્વ વિદ્યાલયમાં શિક્ષણ મેળવી રહેલ બિહારના કેટલાક યુવાનોનું માનવું છે કે પશ્ચિમી સંસ્કૃતિની કહેવાતી સભ્યતા અને પ્રગતિશીલતાના નામ પર ઋષિ-મનીષિઓના વિચારોને તોડી-મરોડીને ભોગવાદી સંસ્કૃતિને પ્રોત્સાહન આપી રહ્યા છે. તેમનું માનવું છે કે 'વેલેન્ટાઈન ડે' પર પણ આ જ માનસિકતાના આધારે કામુકતાને મહત્ત્વ આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓએ બતાવ્યું કે વેલેન્ટાઈન એક સંત હતા, જે માનવતા પ્રત્યે પોતાના ઉદાત્ત પ્રેમના કારણે પ્રસિદ્ધ બન્યા. તેમની યાદમાં વેલેન્ટાઈન ડે પર પ્રેમને અભિવ્યક્ત કરવાની પરંપરા શરૂ થઈ. પરંતુ આજે તે પ્રેમી-પ્રેમિકા સુધી સીમિત થઈ ગયું છે. વેલેન્ટાઈન ડે પર પ્રેમના પ્રસ્તુતિની વિકૃત પરંપરાને અપનાવવી આપણા ઋષિ સંસ્કૃતિ પ્રધાન દેશ માટે યોગ્ય નથી.

દિલ્હી વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ બાલમુકુંદ, ગૌતમ, રાજહંસ અને નિશાંત આ વિકૃત પરંપરાથી બચવા માટે પોતાની આસ્થાના કેન્દ્ર શાંતિકુંજ આવ્યા. સાધના અને સંસ્કૃતિના પક્ષધર આ યુવાનોનું સ્વાગત કરતા પૂર્વી જોન પ્રભારીઓએ તેમની આ પહેલને 'વેલે ઈન ટાઈમ'ની સંજ્ઞા આપી. અતિથિ વિદ્યાર્થીઓએ અહીં આવીને શ્રદ્ધા સાથે જપ, ધ્યાન, યજ્ઞ વગેરેમાં ભાગ લીધો. તેમને અહીં આવીને નવ દિવસીય સાધના કરવાનો સંકલ્પ પણ લીધો. આ વિદ્યાર્થીઓએ યુગઋષિના વિચારોને જન-જન સુધી પહોંચાડવા માટે પોતાની સક્રિય ભાગીદારી આપી રહ્યા છે. ✡

# પહેલા તાપીની સફાઈ, પછી ગંદગીની હોળી સળગાવી

**બુરહાનપુર (મધ્યપ્રદેશ)**

હોળીના પાવન પ્રસંગે બુરહાનપુર શાખાએ ફરીથી એક વખત તાપીની સફાઈ માટે લોક




પ્રિય જન-જાગરણ અભિયાન ચલાવ્યું. મેયર સુશ્રી માધુરી પટેલે પણ આ અભિયાનમાં ભાગ લેતા કહ્યું કે તાપ્તી નગરની જીવનધારા છે.

**મધ્યપ્રદેશમાં બૈતુલ જિલ્લામાં તાપ્તીના ઉદ્‌ગમ સ્થળ મુલતાઈથી બુરહાનપુર સુધી ગાયત્રી પરિવાર દ્વારા તાપ્તી શુદ્ધિકરણ અભિયાન પાછલા એક વર્ષથી ચલાવવામાં આવી રહેલ છે. આ અંતર્ગત જળશુદ્ધિ, તટશુદ્ધિ અને તટીય ગામોને આદર્શ ગ્રામ બનાવવાનું અભિયાન ચાલી રહ્યું છે.**

આને પ્રદૂષણથી બચાવવા માટે નગર નિગમ પણ ગંભીર છે. આ પ્રસંગે તેઓએ વાસી ફૂલ અને પૂજન સામગ્રીનું નદીમાં સીધુ વિસર્જન થવા દેવાથી રોકવા માટે એક સ્થાયી કુંડ બનાવવા અને રાજઘાટ પર મળી રહેલ ગંદા પાણીના નાળાઓના દિશા પરિવર્તનનું કાર્ય ટુંક સમયમાં પૂર્ણ કરી લેવાનું આશ્વાસન આપ્યું.

ગાયત્રી પરિવાર દ્વારા હોળીકા દહનની પૂર્વ વેળામાં રાજઘાટ પર સામૂહિક શ્રમદાનથી સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું. જેમાં યુગનિર્માણી ભાઈ-બહેનો સિવાય પાર્ષદ, વિદ્યાર્થી અને કેટલાયે નાગરિકો જોડાયા. નદીમાંથી મોટી માત્રામાં મૂર્તિઓ, પોલીથીન, જુના કપડા, વાસી ફૂલ, વગેરે કચરો કાઢવામાં આવ્યો. આનું પ્રતિકાત્મક હોળીકા દહન કરતાં નગરવાસીઓને તાપીને પ્રદૂષણ મુક્ત રાખવા અપીલ કરી. આ પ્રસંગે રાજઘાટ પર તાપી શુદ્ધિકરણ સંબંધીત સદ્‌વાક્યો પણ લખવામાં આવ્યા. મુલતાઈથી બુરહાનપુર સુધી તટીય ક્ષેત્રમાં વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ ગાયત્રી પરિવાર દ્વારા લેવામાં આવ્યો. આ અભિયાનમાં મહિલા મંડળની મનોરમા શર્મા, સુનીતા, કોકીલાબેન, દિનેશ સુગંધી, હીરાલાલ શર્મા, વસંત મોઢ, નીતિન બોરસે, શંકરભાઈ વગેરેનો વિશેષ સહયોગ રહ્યો. ✡

# સ્કૂલના બાળકોએ આગથી બચાવી નાનકડી જીંદગી

**બડવાની (મધ્યપ્રદેશ)**

તા-૨૧ માર્ચના રોજ બડવાનીથી ચાર કિલોમીટર દૂર કસરાવાદ વસાહતના સરકારી માધ્યમિક વિદ્યાલય કુંડિયાના નજીક એક ગરીબ મજૂર દયારામ માંગીલાલનું રહેઠાણ આગની લપેટોમાં ફેરવાઈ ગયું. દૂર દૂર સુધી કોઈ વસ્તી ન હતી. હતું તો એક વિદ્યાલય અને નિર્માણાધીન બે-ચાર મકાન.. બચાઓ.....બચાઓ....નો સાદ વિદ્યાલયના બાળકો સુધી આવી રહ્યો હતો. આચાર્ય શ્રી જ્યોત્સના શર્મા કંઈક કહેતી એ પહેલાં ધોરણ-૭,૮ના બાળકો મધ્યાહ્ન ભોજન વર્ગની તરફ દોડ્યા અને ત્યાંથી ડોલો લાવીને પાણી ભરી-ભરીને આગ ઓલવવા લાગી ગયા. આ બાળકોએ માત્ર આગ જ ન ઓલવી પરંતુ બલરામ, સીતારામ, જીતેન્દ્ર, કુંવરસિંહે પોતાના સાહસ અને સૂઝબૂઝનો પરિચય આપતા દયારામની એક વર્ષની દિકરી રાધા અને જરૂરી સામાનને પણ આગમાંથી બહાર કાઢી લીધો. જ્યાં સુધીમાં ત્યાં ફાયરબ્રિગેડ પહોંચી ત્યાં સુધીમાં આગ ઓલવી નાખવામાં આવી હતી. અગ્નિશમન ટુકડીએ બાળકોના સાહસની પ્રશંસા કરી. સમાચાર પત્રોએ તો બાળકોના સાહસની પ્રશંસા કરી.



ગરીબની ઝૂંપડીમાં આગ ઓલવનારા સાહસી, જાગરુક બાળકો

બડવાનીમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના પ્રભારી શ્રી મહેન્દ્ર ભાવસારે ઘટના સ્થળ અને માધ્યમિક વિદ્યાલય કુંડિયાનું નિરીક્ષણ કરી બાળકોના સાહસની ખૂબ-ખૂબ પ્રશંસા કરી. તેઓએ દયારામજી પાસેથી આખી ઘટના સાંભળ્યા પછી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા તરફથી બાળકોને સન્માનિત કરવાનો નિર્ણય લીધો. ✡

# ભુલાય ગ્રામ ૪૨૦૦૦ વૉટ વિજળી બચાવી રહ્યું છે

**ભુલાય-ગુના (મધ્યપ્રદેશ)**

રાઘોગઢ તાલુકાના ભુલાય ગામના તમામ ગ્રામવાસીઓએ પોતાના ગામમાં ૪૨૦૦૦ વૉટ વીજળીની પૂર્તિ ઓછી કરીને એક આદર્શ રજુ કર્યો છે. ગ્રામવાસીઓએ પોતાના ગામના રસ્તાઓની લાઈટ સાથે બધી જ લાઈટો પર સી.એફ.એલ.બલ્બ લગાવી દીધા છે. પરિણામ સ્વરૂપે જ્યાં પહેલા ગામમાં ૪૫૦૦૦ વૉટ વિજળી ખર્ચાતી હતી ત્યાં હવે માત્ર ૩૦૦૦ વિજળીમાં જ કામ ચાલી જાય છે. ગામમાં ગાયત્રી પરિવાર દ્વારા સંચાલિત શ્રીરામ ગૌશાળાના શ્રી ભગતસિંહ ધાકડના જણાવ્યાનુસાર તેઓએ માત્ર વિજળીની જ બચત નથી કરી, પરંતુ પંચાયતના સહયોગથી ઈન્વર્ટરની વ્યવસ્થા પણ કરી લીધી. હવે ગામમાં અંધારું રહેતું નથી, ૨૪ કલાક લાઈટ રહે છે.

સૂઝબૂઝની સાથે વિકાસનો રસ્તો બનાવતા ભુલાય ગામમાં વસંત પર્વ પર નવયુગ દીપોત્સવ ખૂબ જ શ્રદ્ધા અને ઉલ્લાસની સાથે મનાવવામાં આવ્યો હતો. ૨૪ કલાકના અખંડ જપમાં ગ્રામવાસીઓએ ભાગ લીધો. શિવરાત્રિથી ચાલુ કરવામાં આવેલ મંત્રલેખન સાધના અભિયાનમાં ૧૨૧ ગ્રામવાસીઓએ ભાગ લીધો હતો. ✡

# જન્મ શતાબ્દી વર્ષમાં જોશભેર મોટા અભિયાન ચાલી રહ્યા છે

## મંત્ર લેખનનો જોરદાર ઉત્સાહ




**પીપલ્યામંડી, મંદસૌર (મ.પ્ર.)**

પીપલ્યમંડી શાખાએ જન્મ શતાબ્દી વર્ષમાં પોતાના નિર્ધારિત લક્ષ્યની અનુરૂપ આસપાસના ગ્રામીણ વિસ્તારમાં યુગઋષિની ચેતના અને તેમના પ્રખર વિચારોના વિસ્તારની દિશામાં ભવ્ય સફળતા મેળવી. ક્ષેત્રમાં મંત્ર લેખન સાધના પ્રત્યે જન-જનની અભિરૂચિને જોતા આ સફળતાનું સહજ અનુમાન લગાવી શકાય છે.

સમાચારના મોકલનાર શ્રી ભૈરુલાલ ગુપ્તાના જણાવ્યાનુસાર પીપલ્યામંડી શાખાએ મહાશિવરાત્રિથી મંત્રલેખન સાધનાના પ્રથમ ચરણનો આરંભ કર્યો, જેના માટે ૫૦૦૦ મંત્ર લેખન પુસ્તિકાઓ જીલ્લાના સુદૂર ક્ષેત્રોમાં પહોંચાડવામાં આવી. શ્રી ગુપ્તાજીનું માનવું છે કે આગામી ચરણમાં આ સંખ્યા બમણાથી પણ વધું થઈ જશે. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે પાછલા વર્ષે પણ આ શાખા દ્વારા ૮ થી ૧૦ હજાર મંત્ર લેખન પુસ્તિકાઓ લખવામાં આવી હતી.

પરમ પૂજ્ય ગુરૂદેવના બોધ દિવસ-વસંત પર્વ જીલ્લામાં ખૂબ જ હર્ષોલ્લાસની સાથે ઉજવવામાં આવ્યો. આ સાથે શાખા પરિજનોએ જન્મ શતાબ્દી વર્ષમાં તમામ ગામોના દીપયજ્ઞ કરવાનો સંકલ્પ લીધો છે. ખેતી પ્રધાન આ જીલ્લામાં પરિજનો દ્વારા પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ અને નશા નિવારણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે.

**ઇંદૌર (મધ્ય પ્રદેશ)**

ગાયત્રી શક્તિપીઠ કેશરબાગ દ્વારા સૌના ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે બધા માટે ઉત્તમ સ્વાસ્થ, અનુકૂળ આબોહવા, અનિષ્ટકારી શક્તિઓથી સુરક્ષા, કન્યાભ્રૂણ હત્યા જેવા કુરિવાજોની નાબૂદીની પ્રાર્થના જોડતા મંત્ર લેખન સાધના અભિયાનનો શુભારંભ કરી દીધો. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે ગાયત્રી શક્તિપીઠ કેશરબાગ પોતાના ક્ષેત્રનું સાહિત્ય કેન્દ્ર છે અને આના માધ્યમથી ક્ષેત્રમાં ૫૦ હજારથી વધું ગાયત્રી મંત્રલેખન પુસ્તિકાઓ પહોંચાડવામાં આવી છે.



ઇંદોરમાં સંકલ્પ સમારોહ દ્વારા મંત્ર લેખન સાધનાનો શુભારંભ

## ડેંટલ કોલેજમાં ઉજવવામાં આવ્યો નવયુગ દિપોત્સવ



ડેંટલ કોલેજમાં નવયુગ દિપોત્સવ ઉજવી રહેલ વિદ્યાર્થીઓ

**મુરાદાબાદ (ઉત્તર પ્રદેશ)**

નગરના પ્રતિષ્ઠિત કોઠીવાલ ડેંટલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના વિદ્યાર્થીઓએ યુગઋષિ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજીના બોધ દિવસ પર સ્થાનીય શિવાલયમાં ખૂબ જ શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે નવયુગ દીપોત્સવની ઉજવણી કરી. આ વિદ્યાર્થીઓએ વસંત પર્વ પર કરવામાં આવતી પરંપરાગત સરસ્વતી પૂજાના પૂર્વે સંધ્યા પર ૨૦૦ દીપ પ્રગટાવી ૐ અને સ્વસ્તિકની આકૃતિઓમાં મંદિરને સજાવ્યુ. ત્યારપછી માનવમાત્રના ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે ગાયત્રી મંત્રથી આહુતિઓ પ્રદાન કરી અને જીવનમાં સેવા ભાવનાના સમાવેશ માટે સંકલ્પ લીધા.

સેવાભાવી ચિકિત્સકની સાથે પોતાના વિદ્યાર્થીઓને ઉમદા મનુષ્ય બનાવવાની ઈચ્છા રાખનારા મહાવિદ્યાલયના પ્રશાસકોએ વિદ્યાર્થીઓની આ પહેલનું સ્વાગત કર્યુ. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે આ વિદ્યાર્થીઓ શિવરાત્રિથી આરંભ થયેલ મંત્ર લેખન સાધનામાં પણ ભાગ લઈ રહ્યા છે. દીપયજ્ઞમાં તુલિકા, અદિતિ, નિધિ, વૈશાલી, શિલ્પિ, સાક્ષી, વંદના, મોહિત, શુભમ, રવિ, સૌવિક વગેરેની મુખ્ય ભાગીદારી રહી. આ કાર્યક્રમનું સંયોજન મહાવિદ્યાલયમાં ઈન્ટર્નશીપ બીડીએસ.ની વિદ્યાર્થીની શાંતિકુંજની દિકરી કુમારી સમતાએ કર્યુ હતું.

## રાષ્ટ્રીય રાજધાનીને ઝકઝોરી રહ્યુ છે નારી જાગૃતિ અભિયાન

**નવી દિલ્હી**

પાટનગર દિલ્હીમાં સક્રિય નારી જાગૃતિ અભિયાને જન્મ શતાબ્દી વર્ષના પરિપ્રેક્ષ્યમાં દિલશાદ ગાર્ડન ક્ષેત્રને પોતાની સક્રિયતાનું કેન્દ્ર બનાવતા કેટલાય કાર્યક્રમોની સાથે દિલ્હી જનસંપર્ક કર્યો. શ્રીમતી કાંતા જડિયાની સાથે ડૉ. એસડી મલિક, ડૉ. ભાવના મલિક, ડૉ. ચેટર્જી, ડૉ. મમતા સક્સેના, શ્રી જુગલ કિશોર જડિયા, શ્રી સુનીલ પાંડે, શ્રી એસકે અરોડા, શ્રી જ્ઞાનેન્દ્ર રાય, શ્રી સંજય ગુપ્તા વગેરેની ટોળીએ બધાજ કાર્યક્રમોમાં સંપર્કમાં આવનારા લોકોને સુખી જીવન અને વિશ્વમાનવતાના ઉજ્જવળ ભવિષ્ય માટે આધ્યાત્મિક જીવન શૈલી અપનાવવા માટે પ્રેરણા આપી. યુગઋષિના બહુમૂલ્ય સૂત્ર જન-જન સુધી પહોંચાડવાના ક્રમમાં સામૂહિક પ્રાર્થના, ગાયત્રી મંત્ર જપ અને સંસ્કારિત જીવન માટે બલિવૈશ્વ દેવયજ્ઞ જેવા સર્વસુલભ સૂત્રોને અપનાવવા માટે આહ્વાન કર્યુ.

વસંત પર્વ પૂર્વે લગભગ ડોઢ મહિનામાં આ ભાઈ-બહેનો દ્વારા ત્યાંના ૮ સાર્વજનિક પાર્કોમાં દીપયજ્ઞોનું આયોજન કરવામાં આવ્યું. તા- ૫ ડિસેમ્બરના રોજ વસંત પર્વના પરિપ્રેક્ષ્યમાં દુર્ગા શિવ મંદિર આર બ્લોકથી આરંભ કરી ગૌરીશંકર મંદિર આઇ બ્લોક સુધી કળશ યાત્રા કાઢવામાં આવી હતી. સ્થાનીય સાંસદ પ્રીતી જીએ પ્રથમ પૂજન કરી રેલીનો શુભારંભ કર્યો. આના માધ્યમથી લોકોને પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી પર નવયુગનું સ્વાગત કરવા અને પર્યાવરણ સંકટને દૂર કરવા માટે પોતાનું નૈષ્ઠિક યોગદાન કરવાની અપીલ કરવામાં આવી હતી.



તા- ૬ ફેબ્રુઆરીના રોજ સાંજે દીપયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. નારી જાગૃતિ અભિયાનની બહેનોએ લોકોને ઘેર-ઘેર દીપ પ્રગટાવી આગલા દિવસે નવયુગ દીપોત્સવ મનાવવા માટે દીપકોના પેકેટ, મંત્ર લેખન પુસ્તિકા અને બલિવૈશ્વના પાત્રો ઉપલબ્ધ કરાવ્યા હતા. દીપયજ્ઞમાં સ્થાનીય ધારાસભ્ય સાથે કેટ કેટલા મહાનુભાવોએ ભાગ લીધો. પરિણામ સ્વરૂપે તા- ૭ ફેબ્રુઆરીના રોજ દિલશાદ ગાર્ડન ખાતે આવેલ ૨૦ મંદિરોમાં સામૂહિક દીપોત્સવ મનાવવામાં આવ્યો. આ સિવાય હજારો ઘરોમાં સાંજે દીવાળીની જેમ ઝળહળતા દીપકોએ દર્શકોમાં સહજ આકર્ષણ અને ઉલ્લાસ જગાવ્યો. સ્કૂલ બ્લોક શકરપુરમાં પણ એક વિશાળ દીપયજ્ઞ સમારોહનું આયોજન કરવામાં આવ્યું. શ્રીમતી કાંતા બહેનના જણાવ્યાનુંસાર વસંત પંચમીના પાવન પ્રસંગે દિલશાદ ગાર્ડન ક્ષેત્રમાં ૪૦ સ્થળોએ અને આખા દિલ્હી શહેરમાં લગભગ ૪૦૦ સ્થળો પર સામૂહિક યજ્ઞોના આયોજનની સાથે હજારો લોકોએ ત્રણ દિવસીય સમારોહની પૂર્ણાહુતિ કરી હતી.



દિલ્હીના એક પાર્કમાં દીપયજ્ઞ કરાવી રહેલ નારી જાગૃતિ અભિયાનની ટોળી

## મૉન્ટ્રિયલમાં નવયુગ દિપોત્સવનું ભવ્ય આયોજન

**મૉન્ટ્રિયલ (કેનેડા)**

સાત સમુંદર પાર મૉન્ટ્રિયલમાં યુગ નિર્માણ યોજનાના કર્મઠ સંદેશ વાહકોએ પોતાના દેશોમાં છવાયેલ ઉલ્લાસની જેમ જ ત્રણ દિવસીય વસંતોત્સવ ઉજવતાં નવયુગનું ભવ્ય સ્વાગત કર્યુ. ત્યાં રામજી મંદિરમાં ઉજવવામાં આવેલ નવયુગ દીપોત્સવના સમયે દીવાળીના જેવું મનમોહક વાતાવરણ સર્જાયુ હતું. બધાજ શ્રદ્ધાળુઓ પોત-પોતાના ઘરેથી પૂજાની થાળીમાં દીપક સજાવીને લાવ્યા હતા. પરમ પૂજ્ય ગુરૂદેવના આધ્યાત્મિક જન્મ દિવસના ઉપલક્ષ્યમાં શ્રી નરેન્દ્ર સિંહ પરમારના ઘરે ૨૪ કલાકના અખંડ જપનું આયોજન રાખવામાં આવ્યું હતું.



મૉન્ટ્રિયલમાં જન્મ શતાબ્દી મંત્ર લેખન સાધના માટે ભરપૂર ઉત્સાહ જોવા મળતો હતો. મહાશિવરાત્રિથી આરંભ થયેલ સાધના માટે ૪૦૦ લોકોમાં મંત્ર લેખન પુસ્તિકાઓ વિતરિત કરવામાં આવી. આ અભિયાનને ગતિ આપવા માટે હંસાબેન, જયંતીભાઈ, કમળાબેન, સુધીર ભાઈ, ઉષાબેન, જગદીશભાઈ, ચંપાબેન, મગનભાઈ, જ્યોતિબેન, અશોક ભાઈ, કાંતાબેન અને કિરણ ભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કોલકાતાનું થયેલ ગહન મંથન

**ગાયત્રી આશ્રમ રાજહાટ બંડેલ-કોલકાતા**

જન્મશતાબ્દીના પ્રયાજના ક્રમમાં શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી પ્રકાશ મોદી તથા શ્રીમતી જ્યોત્સના મોદી, શ્રી મનસુખભાઈ પટેલ અને જગદીશભાઈ પારેખે તા-૮ થી ૩૦ માર્ચની વચ્ચે પશ્ચિમ બંગાળમાં વિવિધ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કરાવ્યા. સાથે સાથે ભાવી યોજનાઓના વિષયમાં ચર્ચાઓ પણ કરી.

પ્રથમ કાર્યક્રમ પાર દાનકુનીમાં ગુજરાતી સમાજની વચ્ચે સંપન્ન થયો. જેમાં શ્રી ઈશ્વરભાઈ પટેલ, શંભુભાઈ પટેલ, છગનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, રાજુભાઈ પટેલ વગેરે ગુજરાતી ભાઈઓએ પોતાના ચિર પરિચિત ભાવથી દિલ ખોલીને જન્મશતાબ્દી કાર્યક્રમ નિમિત્તે અંશદાન આપવાની ઘોષણા કરી.



**ખીદીરપુર**-માં ભૂ કૈલાસ પ્રજ્ઞા મંડળના ઉત્સાહી યુવાઓએ તા-૧૧ થી ૧૯ જૂન સુધી ચાલનારા શાંતિકુંજમાં નવ દિવસીય સાધના શિબિર માટે ૧૫૦ પરિજનોને લઈને આવવાનો સંકલ્પ લીધો.



ગાયત્રી આશ્રમ રાજકોટ બેન્ડલમાં હોળી સમારોહમાં ભાગ લઈ રહેલ પરિજનો

**ખડગપુર**-ગાયત્રી પરિવાર ખડગપુરમાં શ્રી જગદીશ અગ્રવાલજી, પી.કોટેશ્વરજી, રાજકુમાર અગ્રવાલ, જ્ઞાન બાજપેયી, વિજય ગુપ્તાજી, યોગેશ ગુપ્તાજી, શ્રીમતી સાવિત્રી શર્મા, ગીતા શર્મા વગેરે ગોષ્ઠીમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યાંની સ્થાનિક શ્રીમતી રાધિકા જેનાએ ૪ હજાર વર્ગફૂટ જમીન શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ, શાંતિકુંજને દાન આપવાની વાત કહી. અહીં શાંતિકુંજના પરિવ્રાજક શ્રી ઉદયવીરસિંહ પરિવાર સહિત સેવા આપી રહ્યા છે.

**ભવાનીપુર**-પશ્ચિમ બંગાળના મીની ગુજરાત માનવામાં આવતા ભવાનીપુરમાં તા-૨૧ થી ૨૫ માર્ચ સુધી યોગ શિબિરનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં જૈન સમાજ, મારવાડી સમાજના ૨૦૦ થી વધારે લોકો પ્રજ્ઞાયોગ, આસન, વ્યાયામ, પ્રાણાયામની અવધારણાથી અવગત થયા. આગામી દિવસે જૈન સમાજના કામાની જૈન ભવનમાં યોજાયેલ યોગ શિબિરમાં આવેલ પરિજનોએ જન્મશતાબ્દીની રૂપરેખાથી અવગત થઈ કેન્દ્રીય કાર્યક્રમ માટે અંશદાન આપવાના સંકલ્પો લીધા.

ભવાનીપુરમાં શ્રી જયેશભાઈ ઠક્કર ગાયત્રી આશ્રમ રાજહાટ બંડેલ આવ્યા હતા. જેમને ગાયત્રી માતા મંદિર નિર્માણ કરાવ્યું છે. તેમને કહ્યું કે ગાયત્રી આશ્રમ યજ્ઞશાળા તથા ગૌશાળાના નિર્માણનો સંપૂર્ણ ખર્ચ આપવાની ઘોષણા કરી. ત્યારબાદ બ્રિટાનિયા બિસ્કીટ ફેક્ટરીના મેનેજર શ્રી કમલેન્દુ ઘોષ પોતાના ત્રણ સહયોગીઓ જેમાં માર્કેટ મેનેજર, પોડક્શન મેનેજરની સાથે આશ્રમમાં પધાર્યા. તેઓ અહીં આવીને ખૂબ જ પ્રભાવિત થયા. આ પહેલાં જાદવપુર સ્ટેડિયમમાં શાંતિકુંજ પ્રતિનિધિ દ્વારા ચાલી રહેલ યોગ શિબિરથી ઘણા પ્રભાવિત થયેલ શ્રી કમલેન્દુ ઘોષને પોતાની કંપનીના ૫૦૦ કર્મચારીઓને યોગ શિખવાડવા માટે આમંત્રિત કર્યા. તેમણે કર્મચારીઓને યોગ શિબિરની સાથે સાથે સારા આરોગ્ય તથા સફળ જીવન જીવવાના સૂત્રો શિખવાડ્યા.

તા-૧૬ માર્ચના દિવસે પ્રાંતીય યુવા શિબિર માટે યુવા પ્રકોષ્ઠ શાંતિકુંજના શ્રી કેદારપ્રસાદ દુબે કોલકાતા પહોંચ્યા હતા. તેમને બંગભૂમિની ગૌરવગાથાથી યુવાઓને અવગત કરાવતા સમાજમાં વધતી સમસ્યાઓ, ભ્રષ્ટાચાર સામે લડવા આવાહન કર્યું. એમાં ૫૦૦ થી વધારે ઉત્સાહી યુવાઓએ ભાગ લીધો. આગામી તા-૨૨ મે-૨૦૧૧ના રોજ પ્રાંતીય યુવા ચેતના શિબિરનું આયોજન રાખવાનું નિર્ધારણ થયું.

તા-૨૭ માર્ચના રોજ હોળી મિલન સમારોહમાં ગુજરાતી સમાજ, જૈન સમાજ, મારવાડી સમાજ, બિહાર, ઝારખંડ તથા નજીકની ૧૨ શાખાઓના પરિજનો પહોંચ્યા હતા. સૌએ આ સમારોહને આત્મીયતા વિસ્તાર માટે જરૂરી બતાવતા આવું સંમેલન દર વર્ષે કરવાનો સંકલ્પ લીધો. શ્રી સુનીલ લાહોટીએ જન્મશતાબ્દીનો વિશેષ સંદેશ આપ્યો. સુશ્રી અંજની ચત્રભુજ સંપત, શ્રી રમેશભાઈ શાહ, શ્રીમતી દીનાબેન શેઠ વગેરેનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું. ✡

# ચિકિત્સક અને ચિકિત્સા સહાયક ધ્યાન આપે

શાંતિકુંજે ચિકિત્સાલય પરિસરનો વિસ્તાર કર્યો છે. (વિસ્તૃત સમાચાર આ અંકના પાના નં. ૧૦ પર). અહીં સેવા ભાવી ચિકિત્સક, નર્સ અને ચિકિત્સા સહાયક (પેરા મેડિકલ)ની જરૂરત છે. એવા પરિજન જે શાંતિકુંજમાં સ્થાયી અથવા અસ્થાયી રૂપથી સેવા આપવા ઈચ્છા ધરાવતા હોય તેઓ કૃપયા યથાશીઘ્ર શાંતિકુંજ ચિકિત્સાલય સાથે સંપર્ક કરે.



જેમની વર્તમાનમાં અત્યંત આવશ્યકતા છે. તે છે- વિભિન્ન રોગોના વિશેષજ્ઞ અને સામાન્ય ચિકિત્સક (એલોપૈથી), ફાર્મેસિસ્ટ, એક્સ-રે ટેકનીશિયન, આઈ-ટેક્નીશિયન, લેબ ટેક્નીશિયન, ફિજિયોથેરેપિસ્ટ, ડેંટલ હાઈજિનિસ્ટ અને બીજા નર્સિંગ સ્ટાફ, એ.એન.એમ. આ સિવાય સેવાભાવી અને ઉત્સાહી ચિકિત્સા સહાયક (પેરા-મેડિકલ) પણ સંપર્ક કરે.

આ પુનીત કાર્ય પૂજ્યવરના પાવન જન્મ શતાબ્દી વર્ષના નિમિત્તે આપવામાં આવનાર સમયદાનના રૂપમાં હશે, જે પૂજ્યવરના અંગ-અવયવોની સેવા-સુશ્રુષામાં લાગશે. ✡

**સંપર્ક સૂત્ર-**
આચાર્ય શ્રીરામ શર્મા શતાબ્દી ચિકિત્સાલય,
શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાખંડ)
મો- ૯૨૫૮૩૬૯૫૦૩, ૯૨૫૮૩૬૯૫૦૪
ફેક્સ - ૦૧૩૩૪- ૨૬૦૮૬૬
ઈમેલ - shantikunj@awgp.org

# દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય

**ગાયત્રીકુંજ-શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાખંડ)- ૨૪૯૪૧૧**

ઉત્તરાખંડ શાસનના અધિનિયમ દ્વારા સ્થાપિત અને વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા સમર્થન પ્રાપ્ત તથા શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ, શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા સંચાલિત

## પ્રવેશ સૂચના (જૂલાઈ ૨૦૧૧- ૧૨)

**સ્નાતકોત્તર પાઠ્યક્રમ (સમયગાળો ૨ વર્ષ)**

૧. (એમ.એસ.સી) યોગવિજ્ઞાન અને સમગ્ર સ્વાસ્થ્ય
૨. (એમ.એ/એમ.એસ.સી) મનોવિજ્ઞાન
૩. (એમ.એ) વ્યાવહારિક યોગ અને માનવ ઉત્કર્ષ
૪. (એમ.એ) પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસ
૫. (એમ.એ) પર્યટન મેનેજમેન્ટ
૬. (એમ.એ) પત્રકારિતા અને જનસંચાર
૭. (એમ.એ) વ્યાવહારિક શિક્ષણ
૮. (એમ.એસ.સી) કમ્પ્યૂટર વિજ્ઞાન

**પંચવર્ષીય ઈંટીગ્રેટેડ પાઠ્યક્રમ**

**સ્નાતક (૩ વર્ષ) + સ્નાતકોત્તર (૨ વર્ષ)**

**બી.એ.**
૧. મનોવિજ્ઞાન
૨. અંગ્રેજી સાહિત્ય
૩. સંસ્કૃત
૪. ભારતીય સંસ્કૃતિ
૫. શિક્ષણ શાસ્ત્ર
૬. પર્યટન મેનેજમેન્ટ
૭. યોગવિજ્ઞાન અને માનવ ચેતના

(આમાંથી કોઈ પણ ત્રણ વિષયો લેવાના રહેશે)

**બી.એસ.સી**
૧. માનવીય ચેતના અને યોગવિજ્ઞાન
૨. મનોવિજ્ઞાન
૩. કમ્પ્યૂટર એપ્લિકેશન
૪. ગણિત
૫. પર્યાવરણ વિજ્ઞાન

**ડિપ્લોમા પાઠ્યક્રમ (સમયગાળો ૧ વર્ષ)**
૧. પત્રકારિતા અને જનસંચાર
૨. માનવીય ચેતના અને યોગ ચિકિત્સા
૩. થ્રી-ડી. એનીમેશન અને વિજ્યુઅલ ઈફેક્ટ્સ

**બી.એડ. પાઠ્યક્રમ સમયગાળો ૦૧ વર્ષ**

**પ્રમાણ પત્ર પાઠ્યક્રમ સમયગાળો ૦૬ મહિના**
૧. સમગ્ર સ્વાસ્થ પ્રબંધન
૨. ધર્મ વિજ્ઞાન
૩. યોગ અને વૈકલ્પિક ચિકિત્સા
૪. ઉદ્યમિતા વિકાસ
૫. ચરખા ઉદ્યોગ પ્રમાણ પત્ર
૬. ફાઉન્ડેશન ઓફ વિજ્યુઅલ ઈફેક્ટ્સ
૭. જળ સંસાધન અને નદી પ્રબંધન

**મહત્વપૂર્ણ તારિખો**

આવેદન પત્ર આપવાની તારિખ : એપ્રિલના પ્રથમ સપ્તાહથી
આવેદન પત્ર ભરીને જમા કરવાની અંતિમ તારિખ : ૦૮ જૂન ૨૦૧૧
પ્રવેશ પરીક્ષાની તારીખ - ૧૯ જૂન ૨૦૧૧
(બી.એડની પ્રવેશ પરીક્ષા ૨૦ જૂનના રોજ થશે)

**સંપર્ક સૂત્ર**

કુલસચિવ, દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાખંડ)- ૨૪૯૪૧૧ દૂરભાષ : ૯૧- ૧૩૩૪- ૨૬૧૪૮૫, ૨૬૧૩૬૭ એક્સટેંશન : ૫૪૮૯, ૫૪૯૦, ૫૪૩૬ ફેક્સ : ૯૧-૧૩૩૪- ૨૬૦૭૨૩ વેબસાઈટ -www.dsvv.org ઈ-મેલ : registrar@dsvv.org

**વિશેષ જાણકારી :** નિર્દેશ પુસ્તિકા આવેદન પત્ર સાથે કાર્યલયથી રૂ.૨૦૦/-(બસો રૂપિયા) અને ટપાલથી રૂ. ૨૫૦/- (રૂપિયા બસો પચાસ) દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, હરિદ્વારના નામે બેંક ડ્રાફ્ટ મોકલાવીને મંગાવી શકાય છે. પ્રવેશ સંબંધી યોગ્યતા, પસંદગી પ્રક્રિયા વગેરેની જાણકારી અને નિર્દેશ માટે વિશ્વવિદ્યાલયની વેબસાઈટ www.dsvv.orgનું અવલોકન કરશો.

# વાહન ચાલકોની આવશ્યકતા છે

શાંતિકુંજને વર્તમાન દિવસોમાં વાહન ચાલકોની આવશ્યકતા છે, જે મિશનના વિચારોની અનુરૂપ હોય તથા અહીંના અનુશાસનનું પાલન કરનારા હોય. એવા પરિજન અગર સમયદાન કરવા ઈચ્છા ધરાવતા હોય, તો વ્યવસ્થાપક કાર્યાલય, શાંતિકુંજ સાથે સંપર્ક કરે. જો જીવન નિર્વાહ લઈને સેવા આપવા ઈચ્છા ધરાવે છે, તેમને ઉચિત નિર્વાહ આપવામાં આવશે. રહેવા તથા જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક છે. વિશેષ ધ્યાન આપે કે સેવા આપવા ઈચ્છા ધરાવતા પરિજન એકલા જ શાંતિકુંજમાં રહી શકે છે, પરિવાર સહિત નહીં.

**સંપર્ક કરો:-૦૧૩૩૪-૨૬૧૩૨૮**

જે જેવું વિચારે અને કરે છે એ તેવો બની જાય છે.

જન્મ શતાબ્દી વર્ષ-૨૦૧૧

# જન્મ શતાબ્દી વર્ષ અને ઉલ્લાસીત-સંકલ્પિત મધ્યઝોન

**શાંતિકુંજના મધ્યઝોન**

જન્મ શતાબ્દી વર્ષની પાવન વેળાએ મધ્ય ઝોનમાં સક્રિયતાનો વિશેષ ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. શાંતિકુંજના મધ્ય ઝોન કાર્યાલયે ઉપઝોન સ્તરીય બેઠકોનું આયોજન કરી ૧૭ ઉપઝોનનોના અંતર્ગત મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહારના ૯૨ જીલ્લાઓમાં ફેલાયેલ મિશનની સક્રિયતા અને ઉત્સાહની જાણકારી લીધી. શાંતિકુંજમાં ઝોન પ્રભારી શ્રી વીરેન્દ્ર તિવારી, શ્રી મહેશ રાઠોડ અને શ્રી બૃજ કિશોર ત્રિભુવને આ બેઠકોનું સંચાલન કર્યુ.



બેઠકોમાં વસંત પર્વ પર યોજાયેલ નવયુગ દીપોત્સવ અને એ પહેલા રાષ્ટ્ર જાગરણ અભિયાનમાં અપનાવવામાં આવેલી સક્રિયતાની સમીક્ષા કરવામાં આવી. આગામી ચરણની સક્રિયતાની રૂપરેખા બનાવવામાં આવી. જન્મ શતાબ્દી વર્ષના પૂર્ણાહુતિ સમારોહની સફળતા માટે લોકોએ આગળ વધીને ભાગીદારી લેવા માટે સંકલ્પો લીધા. શુક્લાગંજ, બારાબંકી, વારાણસી, ચિત્રકૂટ, રીવા, શહડોલ, સિવની, જબલપુર, દમોહ, ઝાંસી, આંબલખેડા, ગ્વાલિયર, ગુના, ભોપાલ, ઉજ્જૈન, બડવાની અને ઈંદોરમાં આ બેઠકો યોજવામાં આવી હતી. આગલા ચરણમાં લખનૌ, સિંગરોલી, આજમગઢ વગેરે સ્થળોએ પણ બેઠકો યોજવામાં આવી.

મંત્ર લેખન અભિયાન માટે ક્ષેત્રમાં જોરદાર ઉત્સાહ હતો. મહાશિવરાત્રિથી રામનવમી સુધીના પ્રથમ ચરણમાં કુલ ૩ લાખ ૩૫ હજારથી વધુ લોકોમાં સાધના કરવા મંત્ર લેખન પુસ્તકો વિતરિત કરવામાં આવી હતી. આંબલખેડા ઉપઝોનના ૫૪૦૦૦, બડવાનીના ૪૦૦૦૦ અને ઉજ્જૈનના ૪૨૦૦૦ લોકો સુધી મંત્રલેખન પુસ્તિકાઓ પહોંચાડવામાં આવી. શુક્લાગંજ, ઝાંસી, સિવની, વારાણસી, ગુના, ઈંદોર ઉપઝોનોએ આશરે ૨૦ હજાર પુસ્તિકાઓ મંત્રલેખન માટે વિતરીત કરી હતી.

બેઠકોમાં હાજર કાર્યકર્તાઓ પાસે ત્રણ મહિના, બે મહિના અને એક મહિના માટે સમયદાન માટેના સંકલ્પ નોટ કરવામાં આવ્યા. ક્રમશઃ ૧૫૦૦, ૨૫૦૦ તથા ૧૨૦૦૦ લોકોએ સમયદાન માટે સંકલ્પ લીધા. આ કાર્યકર્તાઓએ પોતાના ક્ષેત્રમાં બીજા લોકોને પણ પોતાની સાથે સમયદાન માટે પ્રેરિત કરવાનો ઉત્સાહ દર્શાવ્યો. કુલ ૧૭ કરોડ રૂપિયા જન્મ શતાબ્દીના નવેમ્બરમાં યોજાનારા વિશાળ સમારોહ માટે અંશદાનના સંકલ્પ ઉભર્યો.

શુક્લાગંજ, લખનૌ અને ઈંદોર તરફથી નવેમ્બરના કાર્યક્રમમાં એક-એક ભોજનાલય ચલાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો. બીજા ઉપઝોનોએ પણ પોતાની ક્ષમતા અને શ્રદ્ધા અનુસારક ઘઉ, દાળ, ચોખા, શાકભાજી, મસાલા અને બીજી સામગ્રી મોકલવાના સંકલ્પ લીધા. દરેક ઉપઝોન મોકલવામાં આવનાર ઘઉના સંકલ્પનો સરવાળો ૧૫૦૦૦ ક્વિંટલ છે.

પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષ ૨૦૧૧-૧૨ મહાન પરિવર્તનની વેળા છે. પરમ પૂજ્ય ગુરૂદેવે વિચાર પરિવર્તનને સતયુગની પુનરાગમનની દિશામાં થનારૂ સૌથી મોટુ પરિવર્તન કહ્યુ છે. ભાવ સંવેદનાઓનું જાગરણ, આ જ છે સતયુગના પુનરાગમનનો સૌથી મોટો સંકેત.

પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષમાં ક્રાંતિકારી પરિવર્તન સ્પષ્ટ રૂપથી જોવા મળી રહ્યું છે. પ્રકૃતિની વિનાશ લીલા હોય કે સંપૂર્ણ વિશ્વમાં સામાજિક વ્યવસ્થાઓને બદલવા માટે ઉઠી રહેલ જનમાનસનો અવાજ, દરેક એ પરિર્તન પ્રક્રિયાનો સ્પષ્ટ સંકેત આપી રહ્યા છે. પરંતુ પરમ પૂજ્ય ગુરૂદેવના પોતાના 'અંગ-અવયવો'માં તેમના જન્મ શતાબ્દી વર્ષમાં પોતાનું બધુંજ સમર્પિત કરી દેવા માટે ઉઠી રહેલ ઉમંગો અદ્ભૂત છે. ✡

## જન્મ શતાબ્દી પર સર્વસ્વ સમર્પિત કરવા આતુર છે પરમ પૂજ્ય ગુરૂદેવના 'અંગ-અવયવ'

કેન્દ્રીય પ્રતિનિધિઓના સાનિધ્યમાં મધ્ય પ્રદેશમાં યોજાયેલ ઉપઝોન સ્તરીય બેઠકોમાં પણ શ્રદ્ધા-સમર્પણના એક બીજાથી ચડિયાતા પ્રસંગો ઉભરી આવ્યા.

પ્રસ્તુત છે આ અસાધારણ ઉમંગોની કેટલીક વાનગીઓ-

**ગુના-** પગાર પર કાર્ય કરનાર એક પરિજન શ્રી રામકુમાર શર્મા, જેમની માસિક આવક માત્ર ૪૦૦૦ રૂપિયા છે, એ પોતાના ત્રણ મહિનાનું વેતન ૧૧૦૦૦ રૂપિયા શાંતિકુંજને અને ૧૦૦૦ રૂપિયા સ્થાનીય શાખાને આપ્યુ અને ત્રણ મહિના માટે સમયદાનની ઘોષણા કરી.

**ભોપાલ-** ના શ્રી રમેશ શ્રીવાસ્તવે પોતાની આવક અને સંપત્તિમાં પોતાના ચાર દિકરાઓની જેમ જ પરમ પૂજ્ય ગુરૂદેવને પણ એક હિસ્સાના ભાગીદાર બનાવી રાખ્યા છે. તેઓ પોતાની જે આવક આવે છે તેમજ સ્થાયી સંપત્તિને વેચીને જે ધન મેળવે છે તેમાંથી પાંચમો ભાગ શાંતિકુંજ મોકલે છે. તેમનું અનુમાન છે કે લગભગ એક કરોડ રૂપિયા પરમ પૂજ્ય ગુરૂદેવના નામે મિશનને આપશે.

**એક સેવા નિવૃત્ત પોસ્ટમાસ્ટર શ્રી એસ.સી. કુલ્હારાનું મિશન**



**સમર્પણ ભાવ જોવા જેવું છે. તેઓ સન્ ૧૯૯૭થી જ દરમહિને ૧૦૦ રૂપિયાથી ૫૦૦૦ રૂપિયા સુધી અંશદાન શાંતિકુંજ મોકલતા રહ્યા છે. પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષમાં તેઓએ પોતાની જીવનભરની જમાપૂંજીનો એક મોટો ભાગ- ૧૦,૦૦,૦૦૦ રૂપિયા યુગ નિર્માણ આંદોલનેના મહાન અભિયાનમાં પોતાની ભાગીદારી સ્વરૂપે અર્પિત કર્યા છે. આ પહેલા સપ્ટેમ્બર મહિનામાં સિવનીમાં યોજાયેલ ૧૦૮ કુંડીય યજ્ઞના સમયે પણ ૬૫૦૦૦ રૂપિયા (પાંસઠ હજાર રૂપિયા)નું અનુદાન આપવામાં આવ્યું.**

**નવગામ, છતરપુર -** શ્રીકૃષ્ણ સોની અને તેમના ધર્મપત્ની શ્રીમતી ઉષા સોની ગાયત્રી શક્તિપીઠ નવગામમાં પરિવ્રાજક છે. હાલમાં જ દમોહમાં યોજાયેલ ઉપઝોન સ્તરીય બેઠકમાં શ્રીમતી ઉમાસોનીએ પરમ પૂજ્ય ગુરૂદેવને જન્મ શતાબ્દીના વર્ષમાં પોતાની ભાગીદારી રૂપે પોતાની વ્યક્તિગત બચત રાશી રૂપિયા ૨૫૦૦૦ (પચ્ચિસ હજાર રૂપિયા) આપવાનો સંકલ્પ લીધો.

એમનો સંકલ્પ સાંભળીને તેમના પતિ પણ પાછળ ન રહ્યા. તેમને પોતાની વ્યક્તિગત ઘોષણા કરતાં ૨૬૦૦૦ (છવ્વીસ હજાર રૂપિયા) મેળવીને કુલ ૫૧,૦૦૦ (એકાવન હજાર) જન્મ શતાબ્દી વર્ષ માટે અનુદાન કરવાની ઘોષણા કરી. તેઓએ કહ્યું કે ભલે આના માટે તેઓને પોતાની જમીન કેમ ન વેચવી પડે, તેઓ પોતાનો સંકલ્પ જરૂર પૂરો કરશે. આ દંપતિ પાછલા પાંચ વર્ષોથી શક્તિપીઠ પર પરિવ્રાજક છે.

એક ગરીબ ખેડૂતે પોતાના એક વર્ષનો પાક જન્મ શતાબ્દી વર્ષમાં દાન આપવાનો સંકલ્પ લીધો.

**ઈંદોર -** ના કાર્યકર્તાઓએ એક કરોડ રૂપિયાનું અનુદાનતો માત્ર પોતાની વ્યક્તિગત ભાગીદારીના રૂપમાં પરમ પૂજ્ય ગુરૂદેવને જન્મ શતાબ્દી કાર્યક્રમના નિમિત્ત આપવાનો સંકલ્પ લીધો છે. ✡

# ઉચ્ચ અધિકારીઓએ મનપસંદ સાહિત્ય ખરીદ્યુ

**ગુડગાંવ (હરિયાણા)**

પાછલા દિવસોમાં ગુડગાંવના સિદ્ધેશ્વર મંદિરમાં સોહના ચોકમાં દસ દિવસીય ભવ્ય પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું.

મેળામાં જિલાધિકારી, શિક્ષણાધિકારી, વિભિન્ન વિદ્યાલયો, મહાવિદ્યાલયોના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ ઉલ્લેખનીય રહી. દરેકે યુગઋષિના સાહિત્યનું ઉંડાણ પૂર્વક અવલોકન કર્યુ અને રૂચિ અનુસાર પોતાની સાથે પણ લઈ ગયા.

અનેક મહાનુભાવોએ દર્શનાર્થ આવેલા વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને બીજા ગણમાન્ય લોકોમાં લગભગ ૬૦ હજાર રૂપિયાના મૂલ્યનું સાહિત્ય ભેટ આપ્યું. આ મેળામાં બે લાખ રૂપિયાના મૂલ્યથી વધુનુ સાહિત્ય લોકોએ ખરીદ્યું.

સત્સાહિત્ય પ્રત્યે અનન્ય પ્રેમ રાખનારા ૫ લોકોએ પોતાના ઘરોમાં સંપૂર્ણ વાંગ્મય અને વેદની સ્થાપના કરાવી. કાર્યક્રમથી ઉત્સાહિત પરિજનોએ આને વિચાર ક્રાંતિ આંદોલનનું રૂપ આપતાં સ્થળે-સ્થળે પુસ્તક મેળા યોજતા રહેવાનો સંકલ્પ લીધો.



સાહિત્ય ખરીદી રહેલ પરિજન

પુસ્તક મેળાનો બધો ખર્ચ શ્રીમતી રંજન અને શ્રી રાકેશ કુમારે ઉપાડ્યો. યુવા મંડળની અધ્યક્ષા ડૉ. રેખાએ સક્રિય ભૂમિકા ભજવનાર પરિજનોને માનપત્ર આપીને સન્માનિત કર્યા.

**કોસલી, (હરિયાણા)**

કોસલીના પરિજનોએ ગ્રામીણ વિદ્યાલયોને ધ્યાનમાં રાખતા ૬ દિવસીય પુસ્તક મેળાનું આયોજન કર્યુ. આ મેળામાં શિક્ષક, વિદ્યાર્થી અને સાહિત્ય પ્રેમિયોની સંખ્યા ઘણા પ્રમાણમાં હતી.

મુબારિકપુરના દ્રોણાચાર્ય સ્કૂલ અને સરસ્વતી સ્કૂલે પોતાના પુસ્તકાલય માટે હજારો રૂપિયાના મૂલ્યનૂં સાહિત્ય ખરીદ્યું. આચાર્યનું માનવુ છે કે આ સાહિત્ય ખરા અર્થોમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીઓના વિકાસમાં સહયોગ કરશે. અમે લોકો આવા સાહિત્યને હંમેશા શોધતા રહ્યા છીએ.

પુસ્તક મેળો લગાવીને ગાયત્રી પરિવારે અમારો અતુલનીય સહયોગ કર્યો છે. શ્રીમતી વિજય, શ્રીમતી શારદા, શ્રી રામચંદ્ર જી, શ્રી નરેશ શર્મા વગેરેએ સક્રિય ભૂમિકા ભજવી હતી. ✡

# પરમ પૂજ્ય ગુરૂદેવની અમૃતવાણી

## હવે પોતાના મોબાઈલ પર દરરોજ સાંભળી શકો છો



જન્મશતાબ્દીના પાવન પ્રસંગે વિશેષ રૂપથી શાંતિકુંજ દ્વારા તૈયાર કરવામાં આવેલ પરમ પૂજ્ય ગુરૂદેવની અમૃતવાણીને પરિજનો નિત્ય સાંભળી શકે છે. આ સુવિધાનો લાભ કોઈ પણ કંપનીના મોબાઈલ ધારક પરિજનો ઉઠાવી શકે છે.

આને શરૂ કરવા માટે એક ૩૦ રૂપિયાની કૂપન લીધા પછી એમાં અંકિત ૮ અંકોના કોડને ૦૯૨૨૨૨૯૨૨૨૨ પર એસએમએસના માધ્યમથી મોકલવાનો હોય છે. ત્યારપછી પરમ પૂજ્ય ગુરૂદેવની અમૃતવાણી દરરોજ આવતી શરૂ થઈ જશે તથા તમારા ફોન પર જુદા-જુદા સંદેશ આવશે. એક કૂપનનો સમયગાળો એક મહિનાનો હોય છે. જેને આગળ પણ શરૂ રાખવા માટે ફરીથી કૂપન લઈને વધારી શકાય છે. આ સુવિધા મોબાઈલના પ્રી-પેડ વાઉચરની જેમ છે. કૂપન તમારા નજીકના સાહિત્ય વિસ્તાર પટલ, સાહિત્ય કેન્દ્ર અથવા શાંતિકુંજના સાહિત્ય સ્ટોલ પરથી મેળવી શકાય છે. ✡



# નવરાત્રિ પર્વે શક્તિ સાધનાનો ઉમંગ જગાડ્યો

## શતાબ્દી મંત્રલેખન સાધના અભિયાનના પ્રથમ ચરણ અને સર્જન સાધના મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિ કરવામાં આવી

**શાંતિકુંજ (હરિદ્વાર)**

ગાયત્રી તીર્થ શાંતિકુંજમાં હજારો લોકોએ ચૈત્ર માસની નવરાત્રિ પર્વ પર જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે યોજાયેલ વિશેષ સાધના અભિયાનમાં ભાગ લેતા મહાશિવરાત્રિ પર્વથી આરંભ થયેલ ૪૦ દિવસ માટે યોજાયેલ શતાબ્દી મંત્રલેખન સાધના અભિયાન સહિત વિભિન્ન અનુષ્ઠાનની પૂર્ણાહુતિ કરી. આ નવ દિવસમાં અને જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે યોજવામાં આવનાર કાર્યક્રમો પર વિચારો રજુ કર્યા.

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં રામાયણ પર નવ દિવસ સુધી વિશેષ વ્યાખ્યાન માળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. કુલાધિપતિ શ્રીએ તેમાં રામાયણના દૃષ્ટાંતો ટાંકવાની સાથે જીવન સાધનાના વિભિન્ન પ્રસંગોને જોડતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓમાં નવપ્રેરણાનો સંચાર કર્યો. દરરોજ ભિન્ન-ભિન્ન પ્રકારે ધ્યાન કરાવવામાં આવ્યું.



દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં રામાયણ પર વિશેષ વ્યાખ્યાન આપી રહેલ ર્કુલાધિપતિ આદ. ડૉ. સાહેબ

શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવેલ પ્રવચનમાં ગાયત્રી સાધનાની અનિવાર્યતા પર પ્રકાશ ફેંકવામાં આવ્યો. તેઓએ કહ્યું કે 'મનુષ્યમાં દેવત્વ' અને 'ધરતી પર સ્વર્ગ'ના સર્જન માટે સર્જન ચેતનાના વિસ્તારની સર્વોપરિ જરૂરીયાત છે. માનવમાં સદ્બુદ્ધિ જાગે, તે નવસર્જનમાં રસ ધરાવવા લાગે, તો વિનાશની પ્રવૃત્તિ આપોઆપ જ સમાપ્ત થતી જશે.

આદરણીય ડૉ.સાહેબ દ્વારા 'ક્રાંતિના ઉંબરા પર ઉભેલું વિશ્વ' વિષય પર આપવામાં આવેલ પ્રવચનમાં સન્ ૨૦૧૧ થી ૨૦૧૩ને સૂર્યસાધના વર્ષ રૂપે જાહેર કર્યું. તેઓએ કહ્યું કે આગામી ત્રણ વર્ષ સુધી સૂર્યમાં જ્વાળાઓ ઉત્પન્ન થતી રહેશે, તેના ફળસ્વરૂપે ધરતીકંપ, પૂર, જ્વાળામુખી ફાટવા જેવી વિનાશક સ્થિતિ ઉત્પન્ન થઈ શકે છે. આ તમામ સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા માટે નિયમિત રૂપે સૂર્ય ઉપાસના કરવાની જરૂરિયાત છે.

આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજીએ ઉપાસનાના બે ચરણ જપ અને ધ્યાન વિષય પર વિસ્તાર પૂર્વક પ્રકાશ ફેંકતાં લોકોની શંકાઓનું સમાધાન કર્યું. ડૉ.ઓ.પી.શર્મા, શ્રી કેસરી કપિલજી, શ્રી કાલીચરણ શર્માજી, શ્રી અશરણશરણ શ્રીવાસ્તવ, શ્રી નમોનારાયણ પાંડે વગેરે વરિષ્ઠ કાર્યકર્તાઓએ પણ નવરાત્રિ સાધના

રામનવમીના દિવસે બ્રહ્મવાદિની બહેનો દ્વારા દીપ મહાયજ્ઞનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. એ દરમ્યાન મહિલા મંડળની બહેનોએ શાંતિકુંજના તમામ વિસ્તારમાં આકર્ષક રંગોળીઓ બનાવી.

### શતાબ્દી મંત્રલેખન સાધનાની પૂર્ણાહુતિ

ગાયત્રીતીર્થ-શાંતિકુંજમાં રામનવમીના શતાબ્દી મંત્રલેખન મહાપુરશ્ચરણના પ્રથમ ચરણ (મહાશિવરાત્રિથી રામનવમી સુધી)ની પૂર્ણાહુતિ કરવામાં આવી. નવરાત્રિ દરમ્યાન મહિલા મંડળ, દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય અને ગાયત્રી વિદ્યાપીઠ સહિત વિભિન્ન વિભાગો દ્વારા પોતાની સામૂહિક સાધનાની પરંપરા જાળવી રાખી. ચૈતન્ય સિદ્ધ ક્ષેત્ર (પવિત્ર સમાધિ સ્થળ) સત્સંગ હૉલ વગેરે જગ્યા પર સામૂહિક મંત્રલેખન માટે ખાસ વ્યવસ્થા બનાવવામાં આવી હતી.

તેની જ સાથે આ સાધનાથી ઉત્સાહિત થયેલા પરિજનોએ મંત્રલેખનનો આ ક્રમ નિરંતર ચાલુ રાખવા આગામી અનુષ્ઠાન આરંભ કરવાનો પણ સંકલ્પ લીધો. મંત્રલેખન સાધનાનો આ વિશેષ ક્રમ નવેમ્બર માસમાં યોજવામાં આવનાર પૂર્ણાહુતિ સમારંભ સુધી અવિરત ચાલુ રહેશે. ✡

### મંત્રલેખન સંબંધી વિશેષ જાણકારી

જે પરિજનો **શતાબ્દી મંત્રલેખન સાધના અભિયાન**માં ભાગ લઈ રહેલ છે, તેઓ પોતાની મંત્રલેખન નોટબુક પૂરી થઈ ગયા પછી સાધના અભિયાનની સંકલ્પિત દક્ષિણા મંત્રલેખન નોટબુકના સંકલ્પ પત્રની પાછળ આપવામાં આવેલ કોઈપણ બેંકમાં શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટના ખાતામાં જમા કરાવી દે. ત્યારબાદ પોતાનો સંકલ્પ પત્ર અને દક્ષિણાની પે-ઈન સ્લીપ શાંતિકુંજ મોકલી આપે. મંત્ર લખવામાં આવેલ નોટબુકને પોતાની નજીકમાં આવેલ શક્તિપીઠ અથવા જ્યાંથી પણ તમોએ મંત્રલેખન નોટબુક મેળવી છે ત્યાં જમા કરાવી દો. અગર જો ત્યાં તેને માટે કોઈ સગવડ ન હોય તો અન્ય કોઈ માધ્યમ દ્વારા શાંતિકુંજ મોકલી આપો.

શાંતિકુંજમાં પણ આ મંત્રલેખન નોટબુક સમાધિની જગ્યાએ પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા પર જમા કરાવી શકો છો. જમા કરતા પહેલાં શાંતિકુંજમાં કોમ્પ્યૂટર રાઈઝડ કાઉન્ટર પર જઈ દક્ષિણા જમા કરાવી રસીદ મેળવી લેશો અને એ રસીદનો ક્રમાંક પોતાના સંકલ્પ પત્ર પર જરૂર લખી એ સંકલ્પપત્રને શાંતિકુંજના એકાઉન્ટ વિભાગમાં જમા કરાવી દો.

**વિશેષ ધ્યાન આપો કે** શાંતિકુંજમાં મંત્રલેખન નોટબુકો સમાધિની જગયા પર અને દક્ષિણા સંકલ્પ પત્રને શાંતિકુંજના એકાઉન્ટ વિભાગમાં જમા કરાવી દો. ✡

## અન્નાજીના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને શાંતિકુંજનું સમર્થન

જનલોકપાલ ખરડો લાવવા માટે સંઘર્ષ ખેડી રહેલા પ્રખ્યાત સમાજ સેવક શ્રી અન્ના હજારેને ગાયત્રી પરિવારે પૂરેપૂરો સહકાર આપ્યો છે. ગાયત્રી પરિવાર અને દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલ તમામ લોકોએ તા-૫ એપ્રિલના દિવસે એક દિવસ ઉપવાસ રાખી તેમના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન પ્રત્યે પોતાના તરફથી હાર્દિક સમર્થન વ્યક્ત કર્યું.



ઉપવાસ પર બેઠેલા અન્ના હજારેને ગાયત્રી પરિવારના સમર્થનનું વચન આપી રહેલ શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી

તા-૮ એપ્રિલના દિવસે શાંતિકુંજ તરફથી સમર્થન વ્યક્ત કરવા માટે આદરણીય ડૉ.સાહેબ દ્વારા હસ્તલેખિત પત્ર લઈને આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી, શ્રી કાલીચરણ શર્મા, શ્રી કે.પી.દુબેની ટોળી દિલ્હી પહોંચી. ત્યાં આદરણીય શ્રી ઉપાધ્યાયજીએ શ્રી હજારેજીને ગાયત્રી પરિવાર દ્વારા કરવામાં આવી રહેલ ભ્રષ્ટાચાર વિરોધી કાર્યો તથા ગાયત્રી પરિવાર તરફથી આપવામાં આવી રહેલા સક્રિય સમર્થનની જાણકારી આપી.

એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે પરમ પૂજ્ય ગુરુદેવે ઘણા બધા સમય પહેલાં લખી નાખ્યું હતું કે 'આવનારા સમયમાં દેશના ખૂણે-ખૂણામાંથી દેશ તથા યુગનિર્માણના યોદ્ધા નિકળશે, જે લોકોની ભાગીદારી દ્વારા પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકશે.' વર્તમાન આંદોલન યુગનિર્માણની દિશામાં એક સાર્થક પહેલ કહી શકાય. ✡

## નવા ચિકિત્સાલયનો આરંભ

તા-૬ એપ્રિલના દિવસે ગાયત્રીતીર્થ-શાંતિકુંજના શ્રીરામપુરમમાં ચિકિત્સાલય માટે નવા બાંધવામાં આવેલ નવા મકાનનું આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી અને આદરણીય શૈલજીજીના વરદ્હસ્તે દીપક પ્રગટાવી ઉદ્ઘાટન કરવામાં આવ્યું. શાંતિકુંજનો નિરંતર થઈ રહેલા વિસ્તારને જોતાં આશ્રમવાસીઓ તથા શિબિરાર્થી પરિજનોને સારી તબીબી સેવા પૂરી પાડવાની દૃષ્ટિએ ગુરુ સ્મારકોની નજીક ચાલી રહેલા ચિકિત્સાલયનો પણ વિસ્તાર કરવામાં આવ્યો છે. આ ત્રણ માળ ધરાવતા મકાનમાં આયુર્વેદ, હોમ્યોપૈથી, એલોપૈથીના નિષ્ણાત ડૉક્ટરો ઉપસ્થિત રહેશે. ૩૦ પથારી ધરાવતી આ હોસ્પિટલમાં શાંતિકુંજની આસપાસમાં વસતા લોકો પણ લાભ લઈ શકશે.



ચિકિત્સાલયનું ઉદ્ઘાટન કરી રહેલ આદરણીય ડૉ. સાહેબ-જીજી

આ પ્રસંગે ડૉ.પ્રણવ પંડ્યાજીએ કહ્યું કે પતનના નિવારણની સાથે પીડાના નિવારણ માટે શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજનો આ અભિનવ પ્રયતન છે. આ પ્રસંગે આદરણીય શૈલજીજીએ તમામ તબીબી સેવાઓ સાથે સંકળાયેલ કર્મચારીઓને નિર્મળ ભાવથી સેવા કરવાની પ્રેરણા આપી.

આ પ્રસંગે શાંતિકુંજના વ્યવસ્થાપક આદરણીય ગૌરીશંકર શર્મા, ચિકિત્સાલય વિભાગના પ્રભારી ડૉ.રામપ્રકાશ પાંડે, ડૉ.ઓ.પી.શર્મા, ડૉ.ગાયત્રી શર્મા, ડૉ.ચિન્મય પંડ્યા, ડૉ.મંજૂ ચોપદાર, ડૉ.પી.કે.શાહુ, ડૉ.શિવાનંદ શાહુ, ડૉ.અનુરાધા દ્વિવેદી અને અનેક વરિષ્ઠ ડૉક્ટરો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ✡

## વિજળીના ઉત્પાદન અને વિતરણ કેન્દ્રનો શુભારંભ

શાંતિકુંજના શ્રીરામ પુરમમાં વિજળીના ઉત્પાદન તથા વિતરણ માટે એક પાવરહાઉસ બનાવવામાં આવ્યું છે. અહીં ૫૦૦ કેવીએના બે, ૬૩૦ કેવીએ તથા ૩૧૫ કેવીએનું એક ટ્રાન્સફાર્મર લગાવવામાં આવેલ છે. વિજળીના આ ઉપકેન્દ્રમાંથી શાંતિકુંજના શ્રીરામ પુરમ વિસ્તાર, ગાયત્રી નગરને વિજળી પૂરી પાડવામાં આવશે. આ પ્રસંગે આદરણીય ડૉ.સાહેબ તથા આદરણીય શૈલજીજીએ મશીનનું પૂજન કરી તેનું વિધિવત ઉદ્ઘાટન કર્યું.



જનરેટરનું પૂજન કરી રહેલ આદ. ડૉ.સાહેબ-જીજી

આ પ્રસંગે શાંતિકુંજના વ્યવસ્થાપક શ્રી ગૌરીશંકર શર્મા, શ્રી શરદ પારધી, વિભાગના વડા શ્રી લક્ષ્મણ પ્રસાદ શાહુ, પુનીત ગુરુવંશ વગેરે અનેક વરિષ્ઠ કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. ✡

**સ્વામીઃ**-વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નં:- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેકસ-નં-૨૬૦૮૬૬**

www.awgp.org, www.dsvv.org
Email:-shantikunjnews@awgp.org

R.No.UTT-GUJ00010/35/1/2010-TC
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2011